RNI No. GUJGUJ/2002/14341
POST Reg. No. G/Sen/253/2021 TO 2023
Follows on : YouTube

No. GujGuj 10276/06/1/2002 - TC
Date of Publication : 10th January 2021
POST AT RMS SURENDRANAGAR

# વૃક્ષ

અંક નં. - ૧ પેઈજ - ૨૦
વર્ષ - ૧૭
માહે - જાન્યુઆરી - ૨૦૨૧
વાર્ષિક લવાજમ રૂા. ૫૦-૦૦
છુટક નકલ રૂા. ૨-૦૦


મો. ૮૭૫૮૯ ૭૧૮૬૩, ૭૬૯૮૭ ૪૩૦૯૩
મો. ૭૦૯૬૬ ૦૯૯૧૫

તંત્રી : મુકતાબેન પી. ડગલી
સહતંત્રી : ગૌતમભાઈ ગોલ

## માસીક પત્રિકા
## VRAKSH

ઓફીસ :
મુકતાબેન પી. ડગલી
સી. યુ. શાહ
પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ,
દાદા ભગવાનના મંદિર પાછળ,
જલારામ પેટ્રોલ પંપ સામે,
મુળી રોડ, સુરેન્દ્રનગર-૩૬૩ ૦૨૦.
P. BOX No. 18
www.pragnachakshu.com
E-mail : pragnachakshu@gmail.com

PRINTED & PUBLISHED BY MUKTABEN P. DAGALI ON BEHALF OF MUKTABEN P. DAGLI, PRINTED BY MAHALAXMI PRINTING PRESS, NR. GATE FATAK, SURENDRANAGAR, PUBLISHED FROM PRAGNA CHAKSHU MAHILA SEVA KUNJ, OPP. JALARAM PETROL PUMP, MULI ROAD, SURENDRANAGAR.



◂ સંસ્થા સંચાલિત મહિલા અને બાળ વિકાસ વિભાગની માન્યતા ચાલતા સ્વધાર ગૃહનું નિરીક્ષણ કરવાની કામગીરી વિભાગ દ્વારા માનનીય મીતાબેન પટેલ જી.આર.ઓ ને સોંપી હોય તેઓ નેત્રહીન બાળાઓ દ્વારા થતી પ્રવૃતિઓ નિહાળીને આનંદીત થઈ રહ્યાં છે.




સાડી એસોશીએશન સુરેન્દ્રનગર તરફથી સંસ્થાના ૨૦૦ અંતેવાસીઓ માટે રસોઈ કરવા અર્થે જરૂરીયાત મુજબનો મોટો ગેસનો ચુલો મળેલ હોય એસોશીએશનના સભ્યો શુભેચ્છા મુલાકાત અર્થે સંસ્થા પરિસરમાં આવતા તેમની સાથે સમુહ તસ્વીર લીધેલ હોય તેમની પ્રવૃતિઓને બિરદાવવા માટે આ તસ્વીર આપણી પત્રિકામાં પ્રકાશિત કરેલ છે. ▸



અમરેલી ખાતે શ્રવણ પ્રસાદ કેન્દ્ર દ્વારા ચાલતા ટીફીન સેવા યજ્ઞની મુલાકાતે જતા માનનીય શ્રી ભીખુભાઈ અગ્રવાત દ્વારા તેમના સંગઠન તરફથી આપણી સંસ્થાના સ્થાપક શ્રી પંકજ કે. ડગલી સન્માનિત કરાય રહ્યાં છે.




સંસ્થા દ્વારા પરણાવેલ અંધ બાલીકા મંજુને માચીયાળા મુકામે તેના શ્રીમંતના પ્રસંગે સંસ્થાના પ્રતિનિધી તરીકે અમરેલી જીલ્લાના નાના આંકડીયા ગામે રહેતા સંસ્થાના મંત્રીશ્રીના ભાઈશ્રી ચીમનભાઈ તથા શ્રીમતી હંસાબેન ગયેલ હોય મંજુને સાડી અને રોકડ રકમ અર્પણ કરી રહ્યાં છે.



તા. ૦૩ ડીસેમ્બરનો દિન વિશ્વ વિકલાંગ દિન તરીકે ઉજવાતો હોય આપણી સંસ્થાની વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહીત કરવા માટે યોજેલ સ્પર્ધા અને કાર્યક્રમોમાં સુરેન્દ્રનગરના મહિલા અને બાળ વિકાસ વિભાગના પદાધિકારીઓની ઉપસ્થિતી જોવા મળે છે.



તા. ૦૩ ડીસેમ્બરના વિશ્વ વિકલાંગ દિનના પ્રસંગ નિમીતે યોજેલ સ્પર્ધા પછી કોરોનાની પરિસ્થિતીની ધ્યાને લઈ માસ્ક અર્પણ તથા પ્રોત્સાહક પ્રવચનોની હારમાળા અંતગર્ત મહિલા અને બાળ વિકાસના પદાધિકારીઓની હાજરીની ઝલક જોવા મળે છે.




સુરેન્દ્રનગર જીલ્લાના પ્રાથમિક શિક્ષકો અને આચાર્ય મહોદય વિશ્વ વિકલાંગ દિન નિમિતે સંસ્થાના મંત્રીશ્રીની સેવાકીય પ્રવૃતિઓને બિરદાવવા માટે પધાર્યા હોય તેઓ સંસ્થાના મંત્રીશ્રીને સાલ ઓઢાડી સન્માનિત કરી રહ્યાં છે



સુરેન્દ્રનગર જીલ્લાના મહિલા અને બાળ વિભાગ દ્વારા ફાયર સેફ્ટીની સમજણ આપવા માટે યોજેલ કાર્યક્રમ અંતગર્ત આગથી રક્ષણ મેળવવા માટે શું કરી શકાય તેની સમજ સંસ્થા પરિવારના સભ્યોને અપાઈ રહી છે.

## : સંસ્થાની પ્રવૃત્તિ વિશે નીચે મુજબના કોન્ટેક એડ્રેસ :

(૧) મુંબઈ : શ્રી નવીનભાઈ એ. મણિયાર(પ્રમુખ)
C.u.shah Pragnachakshu Mahila Seva Kunj
C/o. Shah & Shah Associates
A-Block, Wankhede Stadium,
Next to Shashi Prabhu Office, D-Road
Churchgate, Mumbai- 400 020
Office. 7045945495
Mo. 09323398610 - Navinbhai Maniar
Mo. 09833703456 - Tekchandbhai Dhedhia
Mo. 09930356227 - Chimanbhai Mehta

(૨) સુરેન્દ્રનગર કુરીયર માટેનું સરનામું
શ્રી મહેશભાઈ વી. શાહ (ટ્રસ્ટી શ્રી)
C/o. આશીર્વાદ શુટીંગ શર્ટીંગ એન્ડ યુનિફોર્મ,
રામબાણ મેડીકલ સામે, માઇ મંદિર રોડ,
સુરેન્દ્રનગર. મો. ૯૩૭૭૭ ૯૫૧૮૨

(૪) ઉચ્ચ અભ્યાસ અંધ વિદ્યાર્થી છાત્રાલય
ઠાકોર વાસ, મિલેનીયમ સોસાયટી પાસે,
પ્રહલાદભાઈ ઠાકોરના મકાનમાં,
મુ. ઝુંડાલ, મહેસાણા રોડ, અમદાવાદ.
મો. ૯૪૦૯૦ ૬૯૩૬૬

(૮) ડો. ગોપાલજી મણશી ભીમશી છાડવા
પ્રજ્ઞાચક્ષુ પુનર્વસન કેન્દ્ર,
શાંતિવન સોસાયટી, રાંદલમાતાના મંદિર પાસે,
સોળસુંબા, ઉમરગામ(ઇસ્ટ), જી. વલસાડ

(૩) રાજકોટ-
શ્રી ચંદુભાઇ હિમ્મતલાલ શાહ(ટ્રસ્ટી શ્રી)
એ/૪, નક્ષત્રગ્રીન એપાર્ટમેન્ટ,
પંચવટી હોલ પાછળ, શ્રી કોલોની, મેઇન રોડ,
જાલીયાના માર્ગ,
રાજકોટ-૩૬૦૦૦૧
ફોન- ૨૪૭૯૪૬૫, મો.૯૩૨૮૧૯૮૨૮૧

(૫) ડો. કે.એલ. મહેતા (ઉપપ્રમુખ શ્રી)
કોરોના રેમેડીઝ પ્રા.લી. સી- મોન્ડીલ પાર્ક,
ગુરૂદ્વારા પાસે, એસ.જી. હાઈવે, થલતેજ, અમદાવાદ

(૬) સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ-
સુરેન્દ્રનગર સંચાલિત
રાષ્ટ્રીય સેવામંડળ મોરબી
પ્રજ્ઞાચક્ષુ પુનર્વસન કેન્દ્ર
મુ.લક્ષ્મીનગર, પોસ્ટ-ભરતનગર,
માળિયા હાઈવે મોરબી, જી. મોરબી
ફોન. (૦૨૮૨૨) ૨૮૨૨૩૦, મો. ૯૪૨૯૯ ૭૮૯૩૦

(૭) હરૂભાઈ બાટવીયા (પ્રતીનિધી)પોસ્ટલ
સોસાયટી, દત્ત મંદિર પાછળ,ચીતલ રોડ, અમરેલી,
ફોન- ૯૪૦૮૧ ૫૯૪૦૭, ૬૩૫૧૨ ૯૨૧૩૭

■ ભારતમાં વસતા દાતાઓ આ એકાઉન્ટમાં નાણાં જમા કરાવી શકે છે.
80-G Bank of Baroda - Surendranagar
A/c.Name - C.U.Shah Pragnachakshu Mahila Seva Kunj
A/c. No. 03710100036730
IFSC - BARB0SUREND

■ વિદેશમાં વસતા દાતાઓ આ એકાઉન્ટમાં નાણાં જમા કરાવી શકે છે.
FCRA Bank of Baroda - Surendranagar
A/c.Name - Shree Pragnachakshu Mahila Seva Kunj
A/c. No. 03710100033926
IFSC - BARB0SUREND

ઉપરના એકાઉન્ટમાં નાણાં જમા કરાવી ટેલીફોનથી જાણ કરવી, જમા કરાવ્યાની સ્લીપ મોકલવી.

### તંત્રી સ્થાનેથી,

આદરણીય વડીલો, સેવાભાવી સદ્‌ગૃહસ્થો, પૂજ્ય દાતાઓ, સ્નેહાળ સાથીઓ અને વ્હાલા વાચક મિત્રો,

ડીસેમ્બર માસમાં જાન્યુઆરી મહીના માટે તૈયાર થતો અંક દરવર્ષે ઉત્સવના અંક તરીકે લખાય છે. પણ આ વર્ષે સમગ્ર વિશ્વ ચિંતામાં ડુબેલું છે ત્યારે ઉત્સવ કરવા ઉચીત નથી તેથી આપણે આ વર્ષે પ્રતિવર્ષ થતા લગ્નોત્સવ, રસોઇ સ્પર્ધા, સન્માન સમારંભ વગેરે મોકુફ રાખેલ છે. માનવહૈયા હાલના સંજોગોમાં આનંદને બદલે દુઃખથી છલકેલા છે. પ્રતિદિન સગાસ્નેહી કે દાતા પરિવારના કોરોનાના સમાચાર સાંભળી મન ગ્લાનીથી ભરાય જાય છે. ચિંતામાં ડુબેલું મન સતત વિચાર્યા કરે છે કે કોરોનાનો કપરો કાળ ક્યારે પૂરો થશે. એક તરફ ઝુંડાલ અમદાવાદમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પરીક્ષા વખતે સાચવવાની સમસ્યા છે. બીજી તરફ ઉમરગામ ખાતે કામ કરતા કામદારો પોતાના વતનમાં બેઠા દુઃખી થઇ રહ્યાં હોય તેમના પણ ફોન આવ્યા કરે છે. ત્રીજી તરફ ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાની તૈયારી માટે શું કરવું તે પણ કાંઇ સમજાતું નથી. સંગીતની પરીક્ષાઓની પણ તૈયારીઓ કરાવવી જરૂરી છે. ગત એપ્રીલ માસમાં સંગીતની એકપણ પરીક્ષા

લેવાઇ નથી. પ્રજ્ઞાચક્ષુ દીકરીઓ ઘેર રહેતી હોય, વાલીઓની જાગૃતી ન હોવાને પરિણામે તથા કપરી ગરીબી અને નેટવર્કની મર્યાદાઓને કારણે ઓનલાઇન શિક્ષણ આપી શકાતું નથી. કેટલાંક વાલીઓ પોતાના સંતાનોને કોરોના ન લાગી જાય તે માટે સંસ્થાને જવાબદારી સ્વીકારવાનું દબાણ કરે છે. કોરોના તો ક્યા સંજોગોમાં કેવી રીતે માણસને લાગી જાય છે તેની કોઇને ખબર પડતી નથી. દાતાઓ તરફથી જમણવાર બનાવવા માટેના ફોન તથા રૂબરૂ મુલાકાતો થતાં મોટા સમુદાયમાં સંસ્થામાં પ્રવેશ આપવાની નમ્રતા પૂર્વકની ના પડતા તેમની પણ નારાજગી વેઠવી પડે છે. સતત દાનથી ચાલતી સંસ્થાને દાતાની નારાજગી શી રીતે પોષાય ? આમ છતાં સૌને સમજાવવાનો નમ્ર પ્રયાસ કરી રહ્યાં છીએ. પ્રતિદિન સંભળાતા સમાચારો મુજબ કોરોના વેક્સીનની આશા દેખાઇ રહી છે પણ તે કેટલી કારગર નિવડશે તે નક્કી થઇ શકતું નથી. કારણ કે કોરોનાના રૂપ બદલાય છે. આવા સંજોગોમાં સંસ્થા પરિસરમાં રહેતી બાળાઓને સુરેન્દ્રનગરમાં સાચવવી તથા લક્ષ્મીનગર મોરબીમાં કામ કરતા નેત્રહીન કામદારોને કોરોનાથી બચાવીને રાખવા અઘરું અને કપરું કામ હોવા છતાં ભગવાન ભરોસે નાવડી હંકારે જઇએ છીએ. આશા રાખીએ છીએ કે પરમ કૃપાળુ પરમાત્માએ આંખની ક્ષતી આપ્યા પછી કોરોનાનો કોપ ન મળે. કોરોના કાળમાં સમગ્ર ભારતમાં ઘણા અંધ ભાઇ-બહેનો સપડાયાના સમાચાર છે તથા ઘણા ભાઇ-બહેનો મૃત્યુને શરણે પણ થયા છે. સંસ્થા પરિસરમાં રહેતી અંધબાળાઓ અને બહેનો ક્યાંય બહાર નિકળતી નથી. મહેમાનો આવે છે તેમને પણ માસ્ક પહેરવાનો આગ્રહ રાખીએ છીએ. સમજુ મહેમાનો ઓછી સંખ્યામાં આવે છે અને અમારા આગ્રહ છતા લાંબો સમય રોકાતા નથી. તેઓ આવડા મોટા સમૂદાયનું હિત ઇચ્છતા હોય સ્વેચ્છાએ જ ઝડપથી ચિજવસ્તુઓ અર્પણ કરીને નિકળી જાય છે. આજે જ અમદાવાદથી ડો. ગોપાલભાઇ પટેલના ધર્મપત્નિ તરૂબેન પટેલ તથા તેમના પુત્રવધૂ આરતીબેન પટેલ પધાર્યા હતા. તેમની તીવ્ર ઇચ્છા સંસ્થાના મંત્રી શ્રીમતી મુક્તાબેન પી. ડગલીને મળવાની હતી પણ સંસ્થાના મંત્રીશ્રી દાતાની સારવાર અર્થે ગયા હોય તેમને આવતા ૩૦ મીનીટ લાગે તેમ હોય તેઓ તેટલો સમય ન રોકાતા સુંઠ ગંઠોડાની તૈયાર કરાવેલ લાડુડી જે અંધબાળાઓને શરદીથી બચાવનારી હોય તથા નેત્રહીન બાળા માટે ઉપયોગી થાય તેવા વસ્ત્રો અર્પણ કરીને તુરંતજ નિકળી ગયા છે. ડો. ગોપાલભાઇ તથા તરૂબહેને ભૂતકાળમાં અવાર નવાર દાન આપ્યા છે. મોરબીમાં તૈયાર થયેલ પ્રજ્ઞાચક્ષુ દંપતીઓ માટેના બે ફ્લેટના દાન પણ તેમના તરફથી મળેલ છે અને અમદાવાદમાં નિર્માણ પામનાર નવા સંકુલ માટે આજે તેમણે રૂપિયા એકાવન હજાર અર્પણ કરીને શુભ પ્રારંભ કર્યો છે. તેમની આ દિલાવરી માટે ખરેખર તેમને ધન્યવાદ આપવા ઘટે.

હાલમાં કોલેજના શિક્ષણના સેમેસ્ટર - ૫ ના પેપરો આપવા માટે સંસ્થાની પાંચ બાળાઓ આજથી પરીક્ષાના સ્થળે ગઇ છે. આશા રાખીએ કે ઓનલાઇન શિક્ષણ લીધા પછી તેઓ સારા ગુણાંક મેળવીને સફળ થાય.

મોરબી લક્ષ્મીનગર ખાતે ચાલતા મોરબી રાષ્ટ્રીય સેવામંડળ પ્રજ્ઞાચક્ષુ પુનર્વસન સેવાકેન્દ્રના સંચાલક શ્રી હાતીમ રંગવાલાની મહેનતથી તાજેતરમાં ૧૮ નેત્રહીનોને જુદી જુદી કંપનીઓમાં કામે લગાડવાનુ મહામુલું કાર્ય થયું છે. આ શુભકાર્ય માટે ચિ. હાતીમને તથા કંપનીના માલીકોને જેટલા ધન્યવાદ આપીએ તેટલાં ઓછાં છે. કોઇને રોજી આપવી એ જીવન આપવા બરાબર છે. રોજી વિનાનો માનવ નિશ્ચેત થઇ જાય છે. રોજી માનવના જીવનમાં રંગત લાવે છે. રોજી માનવને અનોખી ખુમારી બક્ષે છે. મહેનતથી કમાયેલા નાણાંનુ કમાનારને ગૌરવ હોય છે. મહેનતનો દાણો માનવને મીઠો લાગે છે. મહેનતની મજા જેણે ચાખી હોય તેને જ સમજાય છે. મહેનત કરનારનુ મસ્તક ઉંચું હોય છે. આપણા પ્રજ્ઞાચક્ષુ કામદારો પણ મહેનત કરીને જીવે છે. તેમણે પણ પોતાની કમાણી પર જીવવાનો એક સંતોષ છે. આવા ટુંકી રોજી ધરાવતા અંધ કામદારોને પોતાનું ઘર હોવાનો પણ એક અનોખો સંતોષ છે. પોતાનો પરિવાર હોવાનો પણ એક અનોખો આનંદ છે. પોતાના ઘરના રસોડે પત્નીના હાથે તૈયાર થયેલ ભોજનની નાનકડી થાળી પણ એમને અનોખા આનંદની અનુભુતિ

(અનુસંધાન પેજ નં. ૭ પર)

## સી.યુ.શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજના પ્રમુખ સ્થાનેથી

સ્નેહી દાતાઓ, સદ્‌ગૃહસ્થો, વડીલો, યુવાનો અને વ્હાલા વાચક મિત્રો,

જમીન મળે એટલે જુસ્સો વધે. જમીન માનવને ઉભા રહેવા માટેનો મોટો આધાર છે. જમીન વસવાટનું નિર્માણ કરતી હોય માણસને સુખ અને સંતોષ આપનારી બની રહે છે. જમીન ઝગડા પણ કરાવે છે પણ આપણી સંસ્થાને મળેલી જમીન તો અનેક લોકોનું કલ્યાણ કરનારી બની રહેવાની છે. અમદાવાદ સરખેજ પાસે ફતેવાડી ગામની સીમમાં રોડ કાંઠે પાંચ હજાર ચોરસ મીટર જમીન આપીને માનનીય સરયુબેન પ્રવીણકુમાર શાહે સંસ્થાને ખૂબ મોટી સહાય કરી છે. તેમણે આપેલ આ જમીન પ્રજ્ઞાચક્ષુનો સહારો બની રહેશે. તેમણે આપેલી આ જમીન પ્રજ્ઞાચક્ષુ માટે શિક્ષણનું મોટું ધામ બની રહેશે. તેમની જમીન પ્રજ્ઞાચક્ષુઓને રોજગાર આપનારી બની રહેશે. પ્રજ્ઞાચક્ષુના શિક્ષણ અને પુનર્વસનનું મોટું કામ સરયુ સેવા સદનમાં થવાનું છે. અમદાવાદમાં રહેતા અનેક દુઃખિ અંધ દંપતિઓને આ જમીનમાં આસરો મળશે. તેમના સંતાનોને શિક્ષણનો અનોખો લાભ મળશે. ઉચ્ચ અભ્યાસ કરતા અંધ વિદ્યાર્થીઓને સુખ સગવડ સભર આશ્રય અને પૌષ્ટીક ભોજન મળશે. પરિણામે નેત્રહીન વ્યક્તિઓ પ્રગતિના પંથે આગળ વધીને જીવનને જ્વલંત બનાવી શકશે. આ જમીનનો દસ્તાવેજ થઇ ચુક્યો છે અને ૭/૧૨ માં પણ કાચી નોંધ થઇ ગઇ છે. હવે ટુંક સમયમાં ૭/૧૨ માં પણ આપણી સંસ્થાનું નામ બોલશે. આ માટે કલેક્ટરશ્રીને પણ જાણ થઇ ગઇ છે. ૬૩એ અંતર્ગત તેને બીનખેતી કરાવીને બાંધકામની મંજુરી મેળવવાના પ્રયત્નો સંસ્થાના ઉપપ્રમુખ શ્રી ડો. કે. એલ. મહેતા સાહેબ કરી રહ્યાં છે. આ માટેનો તેમનો ઉમંગ અને નિષ્ઠા તેમની સાથે ટેલીફોન પર વાત થતા તેમના અવાજમાં જોવા મળે છે. તેમની ઇચ્છા પણ છે કે જો બધું કામ સમયસર થાય તો જાન્યુઆરી માસની ૨૩ તારીખે ભૂમિપૂજન પણ કરવું છે. આ પ્રસંગે સંસ્થાની બધી બાળાઓને સરયુબહેને આપેલી જમીન પર લાવવી છે. સંસ્થાના આ સ્વપ્નને પુરૂં કરવા માટે ઘણા દાતાઓ અને સદ્‌ગ્રહસ્થોનો અનોખો થનગનાટ જોવા મળે છે. મુંબઇ ખાતે હું તથા ટ્રસ્ટી શ્રી વિક્રમભાઇ સાથે મળીને સંકુલને વધારે કઇ રીતે સારૂં બનાવી શકાય અને તમામ જગ્યાએ હવા અને પ્રકાશ મળી રહે તેની મથામણમાં છીએ. આ માટે સારા આર્કિટેકનું માર્ગદર્શન પણ અમે લઇ રહ્યાં છીએ. અમારા સૌના મનમાં એકજ તમન્ના છે કે સંસ્થાના સ્થાપક દંપતીનું સ્વપ્ન સાકાર થાય અને અનેક અંધ ભાઇ-બહેનોનું કલ્યાણ થાય. આ માટે પુરી રીતે પ્રચાર પ્રસાર કરવાની અમે તૈયારી કરી છે. સંપૂર્ણ કાર્યવાહી પૂર્ણ થાય કે તુરંત જ બાંધકામ માટેની વિવિધ યોજનાઓ અમારે વૃક્ષપત્રિકાના માધ્યમથી આપના સુધી પહોંચાડવી છે. પ્રજ્ઞાચક્ષુઓનું અનોખું ઉપવન સરયુબેન પ્રવીણભાઇ આત્મારામ શાહની જમીન પર બને એવા અમારા નિષ્ઠાભર્યા પ્રયત્નોમાં પરમ કૃપાળુ પરમાત્મા અમને સહાય કરે તથા દાતાઓ અને સદ્‌ગ્રહસ્થોને પ્રેરણા પુરી પાડે એજ પ્રાથના...

લિ. નવિન એ. મણીયાર

## ભીખુ ભિક્ષુક, ભગવાન કે બાવો

આદી અનાદીકાળથી આપણી ભારતીય સંસ્કૃતિએ અથવા તો આપણા તો પૂર્વજોએ આપણે બધાને કર્મ પ્રમાણે જુદા જુદા વર્ગોમાં વહેંચ્યાં છે. એક સમય એવો હતો કે દરેક વર્ગે સમાજે બતાવેલા કામ પ્રમાણે જ કામ કરીને જીવવું પડતું હતું. હવે દિવસે દિવસે યુગ પલટાતો જાય છે. આજે માણસ પોતાના શોખ પ્રમાણે કામની પસંદગી કરે છે. સમાજે બતાવેલી ચાર વર્ગની વ્યવસ્થા આજના યુગમાં જળવાઇ શકે તેમ નથી અને તેની જરૂર પણ નથી. આજના આ યુગમાં જુદી જુદી જ્ઞાતિના લોકો કર્મકાંડ પણ કરે છે. તાજેતરમાં અમરેલી જીલ્લાના ઇંગોરાળા ગામની એક મુસ્લીમ બાલીકાએ સંસ્કૃત વિષયમાં ખૂબ સારી ડીગ્રી મેળવીને રાષ્ટ્રીય એકતાનું અનોખું ઉદાહરણ સમાજને આપ્યું છે. સમાજમાં જ્ઞાતિ જાતીના કે ધર્મોના ભેદ ધીમે ધીમે ખતમ થતા જાય છે. જૈનધર્મ જૈન લોકો પાળતા ન હોય તેવું પણ બની શકે અને અન્ય જ્ઞાતિ કે સમાજના લોકો જૈનધર્મનું અનુસરણ કરે તેવું પણ જોવા મળે છે. આપણા સમાજમાં પ્રસિધ્ધ થયેલા દાદા ભગવાન, સ્વાધ્યાય પરિવાર, ક્રિશ્ચન સમાજ વગેરેમાં ક્યાંય જ્ઞાતિભેદ નથી. સ્વામિનારાયણ સંપ્રદાય પણ જ્ઞાતિથી વિમુખ છે તેથી હવે આવા વાડાઓ તૂટતા જાય છે. અને માનવના મન વિશાળ થતાં જાય છે તે ખરેખર આનંદની વાત છે.

આપણા સમાજમાં કેટલીક જ્ઞાતિના લોકોને સમાજે ભિક્ષા માંગવાનો હક આપ્યો છે. જેમાં ખાસ કરીને બ્રાહ્મણ તથા બાવાજીનો નાતનો સમાવેશ થાય છે. પણ આજના યુગમાં બ્રાહ્મણો કર્મકાંડને બદલે વ્યાપાર ધંધા કરે છે અને ડોક્ટર તરીકેનો પણ વ્યવસાય કરે છે. હવે તો માંગવાનું કોઇને ગમતું પણ નથી. માંગીને જીવવા કરતાં સ્વાવલંબન પ્રાપ્ત કરવું સૌને ગમે છે. સંતકબીરે પણ કહ્યું છે કે માંગન મરણ સમાન હૈ, મત કોઇ માંગો ભીખ, માંગન સે મરના ભલા યહ સતગુરૂ કી શીખ. આવી શીખ અમરેલીના એક અદ્દ્ભુત સપુતે ગ્રહણ કરીને જીવનને સેવામાર્ગે વાળીને ધન્ય બનાવ્યું છે.

અમરેલીના શ્રી ભીખુભાઇ અગ્રાવત શિક્ષક તરીકે વ્યવસાય કરતા હતા. તેમના પત્ની પણ એક આદર્શ શિક્ષક તરીકેની ભૂમિકા ભજવી ચુક્યાં છે. શિક્ષક તરીકે વ્યવસાય કરતું આ અદ્દ્ભુત જોડું નિવૃત થયા પછી સેવાના માર્ગે જીવે છે. શ્રી ભીખુભાઇ તેમનું નિવૃત જીવન સેવામાર્ગે ખર્ચીને જીવનને ધન્ય બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે. શ્રી ભીખુભાઇ હાલમાં શ્રવણ પ્રસાદ કેન્દ્રના બેનર નીચે અશક્ત તથા એકલા રહેતા વૃધ્ધોને ઘેર ઘેર સવાર સાંજ ટીફીન પહોંચાડવાની અનોખી કામગીરી કરે છે. તેમને મહીલા સોસાયટીમાં એક સદ્દગ્રહસ્થે મકાન વાપરવા આપ્યું છે. તેમણે આ શુભકામ માટે બે વસા જમીનની ખરીદી પણ કરી છે. તેના પર તેઓ એક સુંદર મકાન બનાવી આ પ્રવૃતિને વેગ આપવા માંગે છે. શ્રી ભીખુભાઇ જરૂરીયાતમંદ તમામ વડીલોની રૂબરૂ મુલાકાત લે છે. તેમને ભાવતા ભોજન આપવા માટે તેઓ બધાના અભિપ્રાય પણ મેળવે છે. તેઓ વડીલો સાથે વાતો કરવા પણ જાય છે અને અન્ય લોકોને પણ તેઓ આ પ્રેરણા પુરી પાડે છે. કોરોનાના કપરા કાળમાં સશક્ત વ્યકિતઓ પણ ઘરમાં પુરાય ગયા હતા. આવા સંજોગોમાં અશક્ત વડીલોને જમવાની મોટી સમશ્યા ઉભી થાય તે સ્વાભાવીક છે. તેમની આ ચાલતી પ્રવૃતિ લોક ડાઉનને કારણે બંધ થઇ પણ શ્રી ભીખુભાઇ અગ્રાવતે જીલ્લા કલેક્ટર શ્રીને યોગ્ય રજુઆત કરી લોકડાઉનમાં પણ આ પ્રવૃતિ ચાલું રાખી છે. નિરાધાર વૃધ્ધ વડીલોને સારૂ ભોજન મેળવ્યાનો અનોખો આનંદ છે. ભીખુભાઇ સાચા અર્થમાં આ વડીલો માટે શ્રવણ બન્યા છે. ભીખુભાઇને મળતા પતિ-પત્નીના બે પેન્શનમાંથી એક પેન્શનનો ઉપયોગ તેઓ શ્રવણ પ્રસાદ કેન્દ્ર માટે કરે છે અને એક પેન્શન તેમના ઘર માટે વાપરે છે. જેઓ પૈસા આપી શકે તેમની પાસેથી સવારના ટીફીન માટે રૂપિયા ૧૫ અને સાંજના ટીફીન માટે રૂપિયા ૧૦ જેવી નજીવી રકમ લેવાય છે. આ ટીફીન બજારમાં ૯૦ થી ૧૦૦ રૂપિયામાં ઉપલબ્ધ થાય છે.

જે વ્યક્તિઓ ન આપી શકે તેમને વિનામૂલ્યે પણ ટીફીન ઘર સુધી પહોચાડાય છે. આ હરતી ફરતી અન્ન સેવા માટે શ્રી ભીખુભાઇએ ત્રણ કામદારોને કામે રાખ્યા છે જે ઘેર ઘેર ટીફીન પહોંચાડે છે તથા ત્રણ બહેનો સવાર સાંજની રસોઇ બનાવે છે. એકવૃધ્ધ વડીલ માજી સશક્ત હોય શ્રવણ પ્રસાદ કેન્દ્રમાં સેવા આપવા જાય છે. કેટલીક જગ્યાએ ભીખુભાઇ પોતે પણ ટીફીન આપવા માટે જાય છે. ઝૂંપડામાં રહેતા લોકોને પણ શ્રી ભીખુભાઇ દાતાઓની સહાયથી પાથરણા અને ઓઢણા જાત તપાસ કરીને આપે છે. જરૂરીયાતમંદ સાચી વ્યક્તિને આ ચિજવસ્તુ મળે તેનો શ્રી ભીખુભાઇ પુરો ખ્યાલ રાખે છે. શ્રી ભીખુભાઇ કોઇનું આપેલું તૈયાર ભોજન સ્વીકારતા નથી. શુધ્ધ ઘીથી બનેલી મિઠાઇ તેઓ પોતાના કેન્દ્રમાં જ બનાવડાવે છે. ૮૫ વડીલોને પહોચાડાતા આ ટીફીનમાં દિવાળીના સમયમાં શ્રી ભીખુભાઇએ ઘેર ઘેર નવ મિઠાઇ અને નવ ફરસાણ જાત દેખરેખથી બનાવડાવીને લોકોના ઘર સુધી પહોચાડયા છે. ખૂબ આશીર્વાદ લેવા જેવું કામ આ ભીખુભાઇ કરે છે. ભીખુભાઇ બાવાજી હોવા છતાં ભીખ ન માંગતા સમાજને કઇંક આપે છે. સમાજ પાસેથી જે લે છે તે પોતાના માટે નહી પણ અન્ય માટે વાપરે છે. જેમ ભગવાન કોઇને ભૂખ્યા સુંવડાવતો નથી તેમ ભીખુભાઇ પણ ૮૫ ઘરોમાં ટીફીન પહોચાડી સૌની ભૂખને શાંત કરે છે અને સૌને ભોજન પુરા પાડે છે. તેથી મનમાં પ્રશ્ન થયો કે આ ભીખુને શું કહેવું ભીક્ષુક, ભગવાન કે બાવો? આ સવાલનો જવાબ તો વાંચનાર સૌ સમજી શકે તેવો છે. એટલે તેની સ્પષ્ટતા કરવી અસ્થાને છે. પણ શ્રી ભીખુભાઇ સિનિયર સિટીઝન ગૃપ સાથે આપણી સંસ્થાની મુલાકાતે આવ્યા હોય શ્રી હરૂભાઇ બાટવીયાના માધ્યમથી તેમની સાથે ગાટ પરિચય થતા તેમની લાગણીને માન આપીને તાજેતરમાં અમરેલી જતા મને પણ શ્રી ભીખુભાઇના આ શ્રવણ પ્રસાદ કેન્દ્રની મુલાકાતે જવાની તક મળી અને મને તેમની મુલાકાત લઇ તેમની પ્રવૃતિઓ વિશે જાણકારી મેળવી આ પ્રવૃતિ સમાજ ઉપયોગી હોય તેના વધુ પ્રચાર પ્રસાર માટે આપણે વૃક્ષ પત્રિકામાં પ્રકાશીત કરવાની ઇચ્છા થતા આ અંકમાં મેં આપના સુધી આ વાત પહોંચતી કરી છે.

આજે નિવૃતી કાળમાં ઉંમર હોવા છતાં શ્રી ભીખુભાઇ એક યુવાનથી પણ વધારે કામ કરીને સમાજને ઉપયોગી થાય છે અને સમાજ પાસેથી માંગતા પહેલા તેઓ પોતાની રકમ અર્પણ કરે છે તે ખરેખર નોંધનીય બાબત ગણાય. વૃક્ષપત્રિકાના સર્વ વાંચક મિત્રોને ભીખુભાઇની મુલાકાત ટેલીફોનથી કે રૂબરૂ લેવા માટે અમારી નમ્ર વિનંતિ છે. તેમને પરમ કૃપાળુ પરમાત્મા આ ક્ષેત્રે ખૂબ સહાય કરે અને શ્રી ભીખુભાઇને પ્રભુ તંદુરસ્તી પ્રદ દિર્ઘાયુ બક્ષે એજ પ્રાર્થના...

શ્રી ભીખુભાઇ અગ્રાવત મોબાઇલ નં. ૯૪૦૮૮૪૭૪૩૪

લિ. પંકજ કે. ડગલી

---

(અનુસંધાન પેજ નં. ૪ નું શરૂ.)

કરાવે છે. તેથી રોજી આપનાર તથા તેમના નિવાસ માટેની વ્યવસ્થા કરનાર તથા એકલા રહેતા કામદારો માટે ભોજન અને પરીવહનની વ્યવસ્થા કરનાર તમામ દાતાઓને જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછાં છે. પરમ કૃપાળુ પરમાત્મા આ શુભ કામ માટે સૌને તંદુસ્તીપ્રદ દીર્ઘાયુ બક્ષે એજ પ્રાર્થના....

તંત્રી મુક્તા પી. ડગલી
સહતંત્રી ગૌતમ જે. ગોલ

## વ્યસન એટલે બરબાદીને આમંત્રણ

હાથવેંતમાં સુખ હતુ...જીવન સંગીનીનો હાથ પકડીને જન્મોજન્મ સાથે રહેવાના સ્વપ્ન સાકાર થયા હતા. એ વખતે મારી અંધ આંખોએ વ્યસનના ઘોર અંધકારને ગલોફામાં સમાવ્યા. પત્નીના હાથના બનાવેલા પકવાન કરતા પણ વધારે સ્વાદ જાણે કે તમાકુમાં લાગવા લાગ્યો અને મેં મારી જાતને વ્યવસનના હવાલે કરી દીધી.

સ્કૂલમાં સંગીત શિક્ષકની સરસ મજાની નોકરી હતી. એકબીજાનો હાથ પકડી હું અને મારી પત્ની સંતોષથી જીંદગી જીવતા હતા. બંને ભલે અંધ હતા પણ એકબીજાની હુંફ હતી. મારી પત્નિ જે સંસ્થામાંથી આવી હતી તે સંસ્થાનો પણ સાથ હતો. મારી પત્ની સહિત અનેક લોકોએ મને સમજાવ્યુ કે વ્યસનના મધપુડામાંથી મધ ભલે તુને મીઠું લાગતું હોય પણ એ મધપુડો જ્યારે છંછેડાઇ જશે ત્યારે આખા શરીરે મધમાખી ડંખ મારશે. જે તને શાંતિથી જીવવા નહી દે. પણ મને તો મધ(તમાકુનો) ચસ્કો બરાબર લાગતો ગયો. મધમાખીનો ડર હારી ગયો અને ચસ્કો જીતી ગયો.

વ્યસન મુખમાં હતુ જે કાળ બનીને ડસતુ રહ્યું. સમજી ન શક્યો કે મારા મુખમાં હું ઝેરને ચગળી રહ્યો. જાણે કે વ્યસન વગર હું જીવી શકતો ન હોઉ તે રીતે રાત્રે પણ સુતા પહેલા મુખમાં ઝેર ચગળતો રહ્યો. સ્વપ્ન જોતો રહ્યો. એક મિનિટના સુખમાં સ્વર્ગને હાથવેત કરવાના...જખમ જીંદગીભર વાગોળતો રહ્યો...ચગળતો રહ્યો...મમળાવતો રહ્યો...ચપટીક સુખના પરિણામમાં પીસાતો રહ્યો. વ્યસનને કોઇ આશિષ નથી હોતા આબાદ બનવાના એ જ્યાં જાય ત્યાં બરબાદ કરીને જ જંપે છે અને આખી જીંદગી હચમચાવે છે.

ભગવાન સૌને પ્રેમની વર્ષામાં નવડાવે છે, પણ અમુક લોકો વ્યસનની છત્રી માથા ઉપર રાખી પ્રેમની વર્ષાથી વંચિત રહે છે અને પછી માથું પકડીને રડે છે. કેમ કે અમુક લોકોને નદીનું મીઠુ પાણી નથી ગમતુ અને ગંદવાડ આરોગી જીવનને ગટર બનાવી નાખે છે.

ઘડીયાળના કાંટામાં ચક્કર ચાલવાની તાકાત છે, ને આપણે બોલીએ પણ છીએ કે કેટલા વાગ્યા ? પણ ખરેખર કાંટા આપણને વાગતા નથી. પરંતુ વ્યસનનું ચક્કર તો મિનિટે ને મિનિટે ન રૂઝાય તેવા જખમ આપે છે. ખાનારને જ નહી પણ આખા કુંટુંબને બરબાદ કરે છે. મારી સાથે પણ એવુ જ બન્યુ. જાણે કે એક ભૂકંપ આવ્યો, ઝેરીલો સાપ ડસ્યો હોય તેવું કેન્સરનું દર્દ થયું. નારીચાણા જેવા નાના ગામમાંથી મેં મારા સાસરે એટલે કે જે સંસ્થામાંથી મારી પત્નિ આવેલ તે સંસ્થા સુરેન્દ્રનગર પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજમાં ફોન કરી કેન્સરના નિદાનની વાત કરી. તુરત જ બારમાસી વસંતની ઋતુ જેવા મુક્તાબેન અને પંકજભાઇનએ ઓપરેશન માટેની બધીજ જવાબદારી લઇ લીધી અને સીવીલ હોસ્પિટલ અમદાવાદમાં સર્જરી માટે સાથે આવી મારી ટ્રીટમેન્ટ કરાવી.

ફરી જીંદગી રાબેતા મુજબ ચાલવા લાગી. હું ભૂતકાળમાં તમાકુ ખાતા થાકતો ન હતો. હવે પીડા આપવામાં ઇશ્વર પણ થાકતો ન હતો. ખબર નહી કેમ કેવી રીતે મારા કેન્સરને કોઇએ વન્સમોર કહી દીધુ કે મને ફરીથી કેન્સર થયું. મારા નસીબને કોસતો હું ફરી એક વખત ઓપરેશનને આધીન થયો. સખત પીડાના ભરડા વચ્ચે મારા ભૂતકાળને ભુલવા પ્રયત્ન કરતો રહ્યો. વર્તમાનના ભયજનક જખમમાં ઇશ્વરનુ નામ લેતો રહ્યો. મન થતું હતું કે અહીંથી ઉભો થઇ જાઉ...દોડીને દરેક વ્યસનીઓના હાથમાંથી તમાકુ લઇ લઉ...સરકારને વિનંતી કરૂ કે તમાકુ જેવી ચીજોના વેંચાણ ઉપર રોક લગાવી દે.

હું સાચે જ મને મદદ કરતા મારા પત્નિ સહીત કોઇ સાથે આંખ મિલાવી વાત કરી શકતો ન હતો. આત્મહત્યાના વિચારો આવે તેવી ભયંકર પીડા વચ્ચે મને ડોક્ટરનો અવાજ આવ્યો. મારા પત્નિને ડોક્ટર કહી રહ્યાં હતા કે‘‘હવે તમે તમારા પતિને ઘેર લઇ જઇ શકો છો...પણ હવે ક્યારેય એમનું મોઢું બે આંગળથી વધારે ખુલી નહી શકે...તમારે હાથ મોજા પહેરી તેનું મોં સાફ કરવું પડશે...મને ડોક્ટરનું મોઢું દેખાતું ન હતું પણ

એના અવાજ તરફ મારી અંધ આંખ આંસુઓથી વરસી પડી...કેવી રીતે...કેવી રીતે મારી અંધ પત્નિ મારી સેવા કરી શકશે ? ડોક્ટર તો કહીને જતા રહ્યાં પણ રૂમમાં તેના પડઘા સંભળાતા રહ્યાં. ત્યાં જ મારા પત્નીનો ધીમો અને ધ્રુજતો અવાજ આવ્યો...કોઇ સાથે ફોનમાં વાત કરી રહી હતી...ડોક્ટર સાહેબે કરેલી વાત કહી અને કહ્યું કે હું કેવી રીતે મારા પતિની સેવા કરી શકીશ ? હું મુંઝાઇ ગઇ છું, મને સમજ નથી પડતી કે હું શું કરૂ ? ઇશ્વર મને આંખ આપે અથવા તો મારા પતિનું દર્દ લઇ લે...વ્યસનના કારણે અમારા સહુની જીંદગી બરબાદ થઇ રહી છે...શું કરૂ...શું કરૂ...

મેં મારા પત્નીને પૂછયું...કોની સાથે વાત કરે છે ? આ દર્દ સાથે જીવવું અઘરૂ છે...ઇશ્વર પાસે માંગવું જ હોય તો મારૂ મોત માંગ...પત્નિએ જવાબ આપ્યો કે હું કોઇ હીરા પારખુ નહી પણ પીડા પારખુ વ્યક્તિ સાથે વાત કરૂ છું. મારા માતા-પિતા (સંસ્થાના મુક્તાબેન અને પંકજભાઇ) સાથે વાત કરી રહી છું. સામેથી મુક્તાબેનનો જવાબ મળ્યો...શા માટે મારી દીકરી મુંઝાઇ ગઇ છો ? તારા મા-બાપ અહી બેઠા છે અને સંસ્થામાં સેવામાં સમર્પિત લાગણીસભર સ્ટાફ તારા પતિની સેવા કરશે. અમારા જમાઇને લઇ તુ અહી આવી જા.

ખરેખર સાચી વાત તો એ છે કે મુક્તાબેન કોઇ ડોરબેલ રાખતા જ ન હતા. હળવેથી દીધેલા સાદ સીધા જ એમના હ્દયને સ્પર્શતા હતા અને લાગણીનો ધોધ વહેતો મુકી દેતા હતા. મને લઇને મારા પત્નિ પોતાના પિયર એટલે કે પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ નામની સંસ્થામાં પહોંચી ગઇ. આવકાર મીઠો હતો, સંવેદનાથી ભરપુર હતો...લોહીનો સંબંધ ન હોવા છતાં સહુ જાણે કે મારા આત્મિય હતા...મુક્તામાની રાહબરી નીચે આખુ ટાઇમ ટેબલ ગોઠવાઇ ગયું. દિવસમાં બે વખત હાથ મોજા પહેરી રક્ષીતભાઇ મારૂ મોઢું ખોલી સાફ કરી આપતા હતા અને સાથે મંથનભાઇ, રિધ્ધીબેન, ધ્રુવભાઇ તથા હેતશીબા નળી વાટે પ્રવાહી પીવડાવતા હતા. ત્યારે હ્દયમાં ક્ષોભ તો હતો જ લાચારી પણ હતી, છતાં તે સહુને હસતા મોઢે કામ કરતા જોઇ મારી અંધઆંખો તેમને લાખો દુઆ આપતા અશ્રુથી છલોછલ થઇ જતી હતી. બે અઢી મહિનાની અવિરત સ્નેહસભર અને બેસુમાર સવેંદનાથી મારી સારવાર થઇ. સહુની મારા માટેની અમી ભરેલી આંખો હું ભલે જોઇ શકતો ન હતો, પણ મારા પ્રત્યેની કરૂણાને હું અનુભવી શકતો હતો.

મારી પોતાની જાત માટે વ્યસનના કારણે ફીટકાર આપતો રહ્યો, અનહદ પીડા આપવા માટે ઇશ્વરને પણ દંડતો રહ્યો, પરંતુ સંસ્થામાંથી મળેલી સ્નેહભરી સારવાર માટે પરમાત્માનો આભાર માની તેઓને અંતરથી દુઆ આપતો રહ્યો.

અત્યારે મને રેડીએશનની સારવાર માટે મારા સગાઓ અમદાવાદ લઇ જાય છે. મારી સારવાર ચાલુ જ છે. મને ક્યારે સારૂ થશે...થશે કે નહી...કેટલી પીડા સહન કરવી પડશે...તે તો મારા ઇશ્વરને ખબર. હું બે હાથ જોડીને સહુને વિનંતી કરૂ છું કે તમે બીડી, તમાકુ, દારૂ કે સીગારેટનું વ્યસન કરીને બરબાદીને આમંત્રણ ન આપશો.

એક મા જયારે પોતાના બાળકને પોતાના હાથે પ્રેમપૂર્વક જમાડતી હોય છે, ત્યારે એને ખબર હોતી નથી કે મારૂં બાળક મોટું થઇ પોતાના જ હાથે ખરાબ સંગતના પરિણામે વ્યસનરૂપી ઝેરના કોળીયા ભરશે.

એક બહેનની જયારે એના વીરાને રક્ષાબંધનનું કવચ હાથમાં પહેરાવે છે ત્યારે એને ખબર હોતી નથી કે કવચ તોડી નાખે તેવા વ્યસનને હવાલે મારો ભઇલો હોમાઇ જશે.

પોતાના હાથે મહેંદીના લાલચટ્ક રંગ સાથે પરણીને આવતી નવોઢાને કયાં ખબર હોય છે કે પોતાના મહેંદી રંગ્યા હાથમાં તમાકુના થુંકની ગંદી ગોબરી ડીઝાઇનથી આખી જીંદગી કદરૂપા રંગથી રંગાઇ વેરવિખેર થઇ જશે.

મા, બહેન અને પત્નિની બરબાદી કરી માનવી શા માટે વ્યસનના હવાલે જઇ અસહ્ય પીડાને આમંત્રણ આપે છે. પોતાના જ કાળજાના કટકા જેવા સંતાનને નોંધારા બનાવે છે. ક્ષણીક સુખના કારણે સહુની જીંદગી દોઝખ બનાવે છે. પોતાના અમૂલ્ય જીવન ભડભડતી આગની જ્વાળામાં હોમી દે છે. શા માટે ?

સત્યઘટના પર આધારીત

લિ. મીના કીર્તિ મહેતા

# દાન ભેટની યાદી

નવેમ્બર અને ડીસેમ્બર માસ દરમ્યાન જે જે દાતાઓએ સંસ્થાની બહેનો પ્રત્યે મમત્વ રાખી નાસ્તો,જમણ તેમજ આર્થિક ચીજવસ્તુઓની સહાય આપી સહાય કરેલ છે. તેમની યાદી આભાર પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ. પરમાત્મા સહાય કરનાર સહુનું કલ્યાણ કરે એ જ પ્રાર્થના...

| તારીખ | નામ | ગામ | રસીદ નં. | રૂપિયા |
|---|---|---|---|---|
| ૧૧-૧૧-૨૦ | લાડકીબેન ઇશ્વરભાઇ પટેલ | કાયોલીયા | ૩૬૬૦૯ | ૫૦૦૦ |
| ૧૧-૧૧-૨૦ | સિધ્ધરાજસિંહ નિરૂભા ઝાલા | સમલા | ૩૬૬૧૦ | ૩૦૦૦ |
| ૧૧-૧૧-૨૦ | ધરમશીભાઇ શિવલાલ પરમાર | અમદાવાદ | ૩૬૬૧૧ | ૧૧૦૦૦ |
| ૧૨-૧૧-૨૦ | સ્વ. નિર્મલાબેન શાંતિલાલ શાહ<br>હ. મિનેશભાઇ શાંતિલાલ શાહ | સુ.નગર | ૩૬૬૧૩ | ૬૦૦૦ |
| ૧૨-૧૧-૨૦ | રવિભાઇ મગનભાઇ પટેલ | સુરત | ૩૬૬૧૪ | ૧૧૦૦ |
| ૧૨-૧૧-૨૦ | મથુરભાઇ લાલજીભાઇ વાઘેલા | સુ.નગર | ૩૬૬૧૫ | ૨૦૦ |
| ૧૨-૧૧-૨૦ | સ્વ. કાંતિલાલ ભિખાલાલ ભાવસાર | વઢવાણ | ૩૬૬૧૬ | ૪૦૦૦ |
| ૧૪-૧૧-૨૦ | સ્વ. રૂખીબેન હિરજીભાઇ | વણા | ૩૬૭૧૭ | ૫૦૦૦ |
| ૧૫-૧૧-૨૦ | સ્વ. પ્રિતિબેન પ્રફુલભાઇ શાહ | સુ.નગર | ૩૬૬૧૮ | ૭૦૦૧ |
| ૧૬-૧૧-૨૦ | ગુજરવદી સમાજ | ગુજરવદી | ૩૬૬૧૯ | ૨૫૦૦ |
| ૧૬-૧૧-૨૦ | અશોકભાઇ નવનીતભાઇ જયસ્વાલ | સુ.નગર | ૩૬૬૨૦ | ૫૦૦૦ |
| ૧૬-૧૧-૨૦ | ધીરૂભાઇ કાનાભાઇ મોરી | રામપરા | ૩૬૬૨૧ | ૨૫૦૦ |
| ૧૬-૧૧-૨૦ | જયસુખભાઇ મહેતા | મુંબઇ | ૩૬૬૨૨ | ૩૦૦૦ |
| ૧૬-૧૧-૨૦ | તુકારામભાઇ દેવજીભાઇ પટેલ | સુ.નગર | ૩૬૬૨૩ | ૫૦૦ |
| ૧૬-૧૧-૨૦ | ગોવિંદભાઇ પ્રભુભાઇ માંડલીયા | સુરત | ૩૬૬૨૪ | ૩૬૦૦ |
| ૧૬-૧૧-૨૦ | નકળંગ મિત્ર મંડળ | નાના આંકડીયા | ૩૬૬૨૫ | ૧૦૦૦ |
| ૧૭-૧૧-૨૦ | હાર્દિબેન તારકભાઇ લુહાર | અમદાવાદ | ૩૬૬૨૬ | ૫૦૦ |
| ૧૭-૧૧-૨૦ | મેઘાણી પરીવાર, હ.જીગરઅલી મેઘાણી | સુ.નગર | ૩૬૬૨૭ | ૧૦૦૦ |
| ૧૮-૧૧-૨૦ | નિશીંત રાઘવજીભાઇ ભાલારા | સુ.નગર | ૩૬૬૨૮ | ૬૦૦૦ |
| ૧૮-૧૧-૨૦ | મહર્ષિ ઋષીકેશભાઇ પટેલ | સુ.નગર | ૩૬૬૨૯ | ૫૦૧ |
| ૧૮-૧૧-૨૦ | વિક્રમભાઇ પટેલ | સુ.નગર | ૩૬૬૩૦ | ૫૦૦ |
| ૧૮-૧૧-૨૦ | નરેન્દ્રભાઇ ગોવિંદભાઇ | બલદાણા | ૩૬૬૩૧ | ૩૫૦૦ |
| ૧૯-૧૧-૨૦ | જયેશભાઇ બાબુભાઇ ચૌહાણ | સુ.નગર | ૩૬૬૩૨ | ૫૧ |
| ૧૯-૧૧-૨૦ | વિનુભાઇ પ્રજાપતિ | સુ.નગર | ૩૬૬૩૩ | ૨૫૦૦ |
| ૧૯-૧૧-૨૦ | સ્વ. વામનભાઇ તથા સ્વ.ભાનુમતીબેન | સુ.નગર | ૩૬૬૩૪ | ૧૦૦૦ |
| ૨૦-૧૧-૨૦ | અનિલભાઇ આર. ચાનપુરા | સુ.નગર | ૩૬૬૩૫ | ૩૦૦૦ |
| ૨૧-૧૧-૨૦ | વિપુલભાઇ પટેલ | અમદાવાદ | ૩૬૬૩૬ | ૫૦૦૦ |
| ૨૧-૧૧-૨૦ | નરસિંહભાઇ પટેલ | ગોમટા | ૩૬૬૩૭ | ૨૦૦ |
| ૨૨-૧૧-૨૦ | વસંતભાઇ એચ. ત્રિવેદી | સુ.નગર | ૩૬૬૩૮ | ૬૦૦૦ |
| ૨૨-૧૧-૨૦ | નવનીત હિંમતલાલ ખેતશીભાઇ | સુ.નગર | ૩૬૬૩૯ | ૫૦૦ |
| ૨૨-૧૧-૨૦ | સ્વ. નારણભાઇ સિંઘવ, હ. વનરાજસિંહ | સુ.નગર | ૩૬૬૪૦ | ૬૦૦૦ |
| ૨૩-૧૧-૨૦ | ભરતભાઇ રણછોડભાઇ પટેલ | અંકેવાળીયા | ૩૬૬૪૧ | ૫૦૦૦ |
| ૨૩-૧૧-૨૦ | વિજયભાઇ પ્રભુભાઇ સરવૈયા | સુ.નગર | ૩૬૬૪૨ | ૨૫૦૦ |
| ૨૪-૧૧-૨૦ | જયેન્દ્રભાઇ કે. વ્યાસ | સુ.નગર | ૩૬૬૪૩ | ૫૦૦૦ |
| ૨૪-૧૧-૨૦ | સ્વ. મીતાબેન અશ્વિનભાઇ કંસારા | સાયલા | ૩૬૬૪૪ | ૨૫૧ |
| ૨૫-૧૧-૨૦ | ભરૂભાઇ જીલુભાઇ | દુધઇ | ૩૬૬૪૫ | ૨૫૦૦ |

| તારીખ | નામ | ગામ | રસીદ નં. | રૂપિયા |
|---|---|---|---|---|
| ૨૬-૧૧-૨૦ | સ્વ. પટેલ કાંતિલાલ ધરમશીભાઇ હ. અલ્પેશભાઇ | સડલા | ૩૮૬૪૬ | ૫૦૦૦ |
| ૨૭-૧૧-૨૦ | ડો. રમેશભાઇ રાવલ | ધ્રાંગધ્રા | ૩૮૬૪૭ | ૫૨૫ |
| ૨૭-૧૧-૨૦ | દયાબેન ભિખુભાઇ તરૈયા | સડલા | ૩૮૬૪૮ | ૫૦૦ |
| ૨૭-૧૧-૨૦ | ભાવના રોડવેઝ | સુ.નગર | ૩૮૬૪૯ | ૬૦૦ |
| ૨૮-૧૧-૨૦ | નિલેશભાઇ હરીભાઇ ચાવડા | રામપરા | ૩૮૬૫૦ | ૨૫૦૦ |
| ૨૮-૧૧-૨૦ | શશીકાંતભાઇ રવજીભાઇ પટેલ | સુ.નગર | ૩૮૯૦૧ | ૨૦૦૦ |
| ૨૮-૧૧-૨૦ | કલ્પેશભાઇ જે. જાદવ | સુ.નગર | ૩૮૯૦૨ | ૩૫૦૦ |
| ૨૮-૧૧-૨૦ | રામુબેન રામસીંગભાઇ જાદવ | આદલસર | ૩૮૯૦૩ | ૨૧૦૦ |
| ૨૯-૧૧-૨૦ | સ્વ. રામુબેન ધીરૂભા સોલંકી | સડલા | ૩૮૯૦૪ | ૫૦૦૦ |
| ૨૯-૧૧-૨૦ | રતનામ | સુ.નગર | ૩૮૯૦૬ | ૧૦૧ |
| ૨૯-૧૧-૨૦ | દિગુ નિરવભાઇ પટેલ | સુ.નગર | ૩૮૯૦૭ | ૧૧૦૦ |
| ૩૦-૧૧-૨૦ | ઇલાબેન સુરેશભાઇ શાહ | અમદાવાદ | ૩૮૯૦૮ | ૫૦૦૦ |
| ૩૦-૧૧-૨૦ | વસુબેન કિર્તિકુમાર શાહ | અમદાવાદ | ૩૮૯૦૯ | ૫૦૦૦ |
| ૩૦-૧૧-૨૦ | પ્રફુલાબેન કનુભાઇ અજમેરા | અમદાવાદ | ૩૮૯૧૦ | ૫૦૦૦ |
| ૩૦-૧૧-૨૦ | અમીતભાઇ કનુભાઇ અજમેરા | અમદાવાદ | ૩૮૯૧૧ | ૫૦૦૦ |
| ૩૦-૧૧-૨૦ | સ્વ. પ્રિતિબેન પ્રફુલભાઇ શાહ | સુ.નગર | ૩૮૯૧૨ | ૬૦૦૦ |
| ૦૧-૧૨-૨૦ | વ્રજલાલ પ્રભુદાસ મિસ્ત્રી | અમદાવાદ | ૩૮૯૧૩ | ૫૦૦ |
| ૦૩-૧૨-૨૦ | સ્વ. જીલુભા હરીભા પરમાર | સાયલા | ૩૮૯૧૪ | ૫૧૦૦ |
| ૦૩-૧૨-૨૦ | વી.એન. ડોડીયા | સુ.નગર | ૩૮૯૧૫ | ૨૦૦૦ |
| ૦૩-૧૨-૨૦ | સુમિત રાજુભાઇ ઘુઘલીયા | સુ.નગર | ૩૮૯૧૬ | ૩૦૦૦ |
| ૦૪-૧૨-૨૦ | હિરાભાઇ ભિમજીભાઇ | સુ.નગર | ૩૮૯૧૭ | ૧૦૦ |
| ૦૪-૧૨-૨૦ | લીલાવંતીબેન અનંતરાય જગડા | જામખંભાળીયા | ૩૮૯૧૮ | ૨૦૦૦ |
| ૦૫-૧૨-૨૦ | ગણપતભાઇ કાનજીભાઇ | સોમાસર | ૩૮૯૧૯ | ૧૦૦ |
| ૦૪-૧૨-૨૦ | મેસર્સ પ્રેમચંદ ચતુરભાઇ | સુ.નગર | ૩૮૯૨૦ | ૬૦૦૦ |
| ૦૫-૧૨-૨૦ | પરમાર હરદેવસિંહ સુરૂભા | મુળી | ૩૮૯૨૧ | ૬૦૦૦ |
| ૦૫-૧૨-૨૦ | શ્યામકુમાર કિશનદાસ વર્મા | અમદાવાદ | ૩૮૯૨૨ | ૫૦૦૦ |
| ૦૫-૧૨-૨૦ | યશોદાબેન નંદલાલ યાદવ | અમદાવાદ | ૩૮૯૨૩ | ૫૦૦૦ |
| ૦૫-૧૨-૨૦ | રાધાબેન કિશનભાઇ પટેલ | રાજકોટ | ૩૮૯૨૪ | ૩૬૦૦ |
| ૦૬-૧૨-૨૦ | સ્વ. રામદાસભાઇ ચતુરદાસ સંઘાણી<br>હ. હંસાબેન હરેશકુમાર સંઘાણી | સુ.નગર | ૩૮૯૨૫ | ૩૦૦૦ |
| ૦૭-૧૨-૨૦ | સ્વ. ભગવાનભાઇ પ્રાગજીભાઇ | સિદસર | ૩૮૯૨૬ | ૫૧૦૦ |
| ૦૭-૧૨-૨૦ | સામતભાઇ શેલાભાઇ ભુવા | મુરબાવળા | ૩૮૯૨૭ | ૧૮૫૫૧ |
| ૦૮-૧૨-૨૦ | કાશ્મીરાબા સુખદેવસિંહ ઝાલા | ભારદ | ૩૮૯૨૮ | ૨૫૦૧ |
| ૦૮-૧૨-૨૦ | સ્વ. વિમળાબેન પ્રવિણભાઇ વોરા | વઢવાણ | ૩૮૯૨૯ | ૬૦૦૦ |
| ૦૮-૧૨-૨૦ | સુધાબેન પી. મહેતા | વઢવાણ | ૩૮૯૩૦ | ૫૧૦૦ |
| ૦૮-૧૨-૨૦ | શશાંક હરેન્દ્રભાઇ બાટવીયા | અમરેલી | ૩૮૯૩૧ | ૭૫૦ |
| ૦૮-૧૨-૨૦ | જશવંતીબેન આર. શાહ | | ૩૮૯૩૨ | ૭૫૦ |
| ૦૮-૧૨-૨૦ | માલતીબેન દિલિપભાઇ વોરા | સુ.નગર | ૩૮૯૩૩ | ૧૫૦૦ |
| ૦૯-૧૨-૨૦ | ગોપાલભાઇ મથુરભાઇ લાલજીભાઇ | વાઘેલા | ૩૮૯૩૪ | ૧૦૦૦ |
| ૧૦-૧૨-૨૦ | સ્વ. કાંતિલાલ ભીખાલાલ ભાવસાર<br>હ. પરેશભાઇ કાંતિલાલ ભાવસાર | વઢવાણ | ૩૮૯૩૫ | ૧૫૦૦૦ |
| ૧૦-૧૨-૨૦ | અશોકભાઇ નરસિંહભાઇ સોલંકી | સુ.નગર | ૩૮૯૩૬ | ૩૦૦૦ |
| ૧૦-૧૨-૨૦ | શાહ એન્ડ પારેખ કું | સુ.નગર | ૩૮૯૩૭ | ૫૦૦ |

| તારીખ | નામ | ગામ | રસીદ નં. | રૂપિયા |
|---|---|---|---|---|
| ૧૦-૧૨-૨૦ | પારૂલબેન ગિરીશભાઇ શાહ | સુ.નગર | ૩૮૯૩૮ | ૩૫૦૦ |
| ૧૦-૧૨-૨૦ | પ્રહલાદભાઇ હરીભાઇ પટેલ | સુ.નગર | ૩૮૯૩૯ | ૫૦૦૦ |
| ૧૧-૧૨-૨૦ | ભાઇલાલભાઇ ઘનશ્યામભાઇ સંતોષી | સરવાળ | ૩૮૯૪૦ | ૨૦૦૦ |
| ૧૧-૧૨-૨૦ | સ્વ. ડો. હેમંતભાઇ વિનુભાઇ ડગલી | લીંબડી | ૩૮૯૪૧ | ૨૧૦૦ |
| ૧૧-૧૨-૨૦ | ડો. ભવમન મણીયાર | અમદાવાદ | ૩૮૯૪૨ | ૧૦૦૦૦ |
| ૧૨-૧૨-૨૦ | અંકિતાબેન આકાશભાઇ કાનાણી | સાયલા | ૩૮૯૪૩ | ૨૦૦૦ |
| ૦૪-૧૧-૨૦ | હેમંતકુમાર પ્રવિણચંદ્ર કોઠારી | ઇન્દોર | ૩૮૫૬૨ | ૧૦૦૦ |
| ૦૪-૧૧-૨૦ | કુસુમબેન હેમંતભાઇ કોઠારી | ઇન્દોર | ૩૮૫૬૩ | ૧૦૦૦ |
| ૦૪-૧૧-૨૦ | દેવા આશિષ હેમંતભાઇ કોઠારી | ઇન્દોર | ૩૮૫૬૪ | ૧૦૦૦ |
| ૦૪-૧૧-૨૦ | શિતલબેન દેવઆશિષ કોઠારી | ઇન્દોર | ૩૮૫૬૫ | ૧૦૦૦ |
| ૦૪-૧૧-૨૦ | દિવ્યેશ દેવઆશિષ કોઠારી | ઇન્દોર | ૩૮૫૬૬ | ૧૦૦૦ |
| ૦૪-૧૧-૨૦ | રિધ્ધી દેવઆશિષ કોઠારી | ઇન્દોર | ૩૮૫૬૭ | ૧૦૦૦ |
| ૦૪-૧૧-૨૦ | સચીનભાઇ હેમંતભાઇ કોઠારી | ઇન્દોર | ૩૮૫૬૮ | ૧૦૦૦ |
| ૦૪-૧૧-૨૦ | કરિશ્માબેન સચીનભાઇ કોઠારી | ઇન્દોર | ૩૮૫૬૯ | ૧૦૦૦ |
| ૦૪-૧૧-૨૦ | ધ્રુવ સચીનભાઇ કોઠારી | ઇન્દોર | ૩૮૫૭૦ | ૧૦૦૦ |
| ૦૪-૧૧-૨૦ | મહેક સચીનભાઇ કોઠારી | | ૩૮૫૭૧ | ૧૦૦૦ |
| ૦૫-૧૧-૨૦ | હર્ષદભાઇ રતીલાલ શાહ | સુરત | ૩૮૫૭૨ | ૫૦૦૦ |
| ૧૮-૧૧-૨૦ | શાંતિલાલ અમરચંદ ઝવેરી ચે.ટ્રસ્ટ | મુંબઇ | ૩૮૫૭૩ | ૧૦૦૦૦ |
| ૧૯-૧૧-૨૦ | કોરોના રેમીડીઝ પ્રા.લિ | અમદાવાદ | ૩૮૫૭૪ | ૧૬૦૦૦૦ |
| ૨૫-૧૧-૨૦ | મયંકભાઇ સી. શાહ | અમદાવાદ | ૩૮૫૭૫ | ૧૧૦૦૦ |
| ૨૭-૧૧-૨૦ | શંકરભાઇ પિતાંબરભાઇ પટેલ | સુ.નગર | ૩૮૫૭૬ | ૫૦૦૦ |
| ૨૭-૧૧-૨૦ | પ્રવિણચંદ્ર મોહનલાલ પટેલ | દાહોદ | ૩૮૫૭૭ | ૫૦૦૦ |
| ૨૭-૧૧-૧૦ | કુલદીપભાઇ પિત્રોડા | વઢવાણ | ૩૮૫૭૮ | ૧૦૦૧ |
| ૦૫-૧૨-૨૦ | દાનેશભાઇ ગેલાણી | સુ.નગર | ૩૮૫૮૧ | ૬૦૦૦ |
| ૦૯-૧૨-૨૦ | રાજેન્દ્રભાઇ જશભાઇ પટેલ<br>હ. શંભુભાઇ એમ. વાળંદ | આણંદ | ૩૮૫૮૫ | ૫૦૦૦૦ |
| ૧૧-૧૨-૨૦ | જગદીશ છોટાલાલ ઠાકર | મુંબઇ | ૩૮૫૮૬ | ૧૫૦૦ |
| ૧૫-૧૨-૨૦ | ચંન્દ્રકાંત સી. નિર્મલ | લીંબડી | ૩૮૫૮૭ | ૫૦૦૦ |
| ૨૭-૧૧-૨૦ | વૈભવ સ્ટીલ | મોરબી | ૩૮૩૯૨ | ૬૦૦ |
| ૨૭-૧૧-૨૦ | દિલીપભાઇ લાભશંકરભાઇ ભટ્ટ | મોરબી | ૩૮૩૯૩ | ૧૦૦૦૦ |
| ૨૯-૧૧-૨૦ | પ્રહલાદભાઇ જાદવ | મોરબી | ૩૮૩૯૪ | ૪૦૦૦ |
| ૦૪-૧૨-૨૦ | દયાબેન લક્ષ્મણભાઇ હરણીયા | મોરબી | ૩૮૩૯૫ | ૧૦૦ |
| ૦૪-૧૨-૨૦ | જસુબેન રામજીભાઇ સુરાણી | મોરબી | ૩૮૩૯૬ | ૧૦૦ |
| ૦૪-૧૨-૨૦ | લક્ષ્મીબેન મહાદેવભાઇ મારવણીયા | મોરબી | ૩૮૩૯૭ | ૧૦૦ |
| ૦૪-૧૨-૨૦ | ચંપાબેન વશરામભાઇ | મોરબી | ૩૮૩૯૮ | ૧૦૦ |
| ૦૪-૧૨-૨૦ | રાધેશ્યામ ડેરી ફાર્મ | મોરબી | ૩૮૩૯૯ | ૩૦૦ |
| ૦૪-૧૨-૨૦ | પાર્થ વુડન - લક્ષ્મણભાઇ | મોરબી | ૩૮૪૦૦ | ૨૦૦ |
| ૦૪-૧૨-૨૦ | ક્રિષ્નાલાલ નાનચંદ પારેખ | મોરબી | ૩૮૪૦૧ | ૧૦૦૦ |
| ૦૪-૧૨-૨૦ | જાનકીબેન રાજેસભાઇ | મોરબી | ૩૮૪૦૨ | ૧૦૦ |
| ૦૪-૧૨-૨૦ | કૃણાલભાઇ રાજેસભાઇ | મોરબી | ૩૮૪૦૩ | ૧૦૦ |
| ૦૪-૧૨-૨૦ | કેવલભાઇ તથા પરમભાઇ | મોરબી | ૩૮૪૦૪ | ૧૦૦ |
| ૦૪-૧૨-૨૦ | રાજેસભાઇ ધનજીભાઇ | મોરબી | ૩૮૪૦૫ | ૭૨૦ |
| ૦૪-૧૨-૨૦ | બાલમુકુંદભાઇ | મોરબી | ૩૮૪૦૬ | ૫૦૦ |

| તારીખ | નામ | ગામ | રસીદ નં. | રૂપિયા |
|---|---|---|---|---|
| ૦૪-૧૨-૨૦ | બીનાબેન અશોકભાઇ | મોરબી | ૩૮૪૦૭ | ૫૦૦ |
| ૦૪-૧૨-૨૦ | વ્યોમ ચનીયારા | મોરબી | ૩૮૪૦૮ | ૨૦૦૦ |
| ૦૪-૧૨-૨૦ | હર્ષભાઇ બી. અગોલા | મોરબી | ૩૮૪૦૯ | ૧૦૦૦ |
| ૦૪-૧૨-૨૦ | અનિલભાઇ કરમશીભાઇ ભાનુશાલી | મોરબી | ૩૮૪૧૦ | ૧૩૦૦ |
| ૦૪-૧૨-૨૦ | રાધેશ્યામ એન્ટર પ્રાઇઝ | મોરબી | ૩૮૪૧૧ | ૮૧૦ |
| ૦૪-૧૨-૨૦ | સુદીપ હોસ્પિટલ | મોરબી | ૩૮૪૧૨ | ૬૧૦૦ |
| ૦૪-૧૨-૨૦ | સ્વ. સચીનભાઇ | મોરબી | ૩૮૪૧૩ | ૧૦૦૦ |
| ૦૫-૧૨-૨૦ | સ્વ.સૌ.રેખાબેન દુશ્યતરામ ઓઝા | મોરબી | ૩૮૪૧૪ | ૨૪૧૫ |
| ૦૫-૧૨-૨૦ | રામ ભરોસે | મોરબી | ૩૮૪૧૫ | ૬૦૦૦ |
| ૦૫-૧૨-૨૦ | વંદનાબેન અશોકભાઇ દેલવાડીયા | મોરબી | ૩૮૪૧૬ | ૧૦૦ |
| ૦૫-૧૨-૨૦ | ગૌરીબેન | મોરબી | ૩૮૪૧૭ | ૧૦૦ |
| ૦૫-૧૨-૨૦ | જોષનાબેન સવસાણી | મોરબી | ૩૮૪૧૮ | ૫૦૦ |
| ૦૫-૧૨-૨૦ | શારદાબેન સવસાણી | મોરબી | ૩૮૪૧૯ | ૫૦૦ |
| ૦૫-૧૨-૨૦ | મિત્રા હાર્દિકભાઇ કારીગરા | મોરબી | ૩૮૪૨૦ | ૫૦૦ |
| ૦૫-૧૨-૨૦ | પ્રભુભાઇ ભીમાણી | મોરબી | ૩૮૪૨૧ | ૫૦૦૦ |
| ૦૫-૧૨-૨૦ | કાનજીભાઇ રામજીભાઇ પટેલ | મોરબી | ૩૮૪૨૨ | ૫૦૦ |
| ૦૫-૧૨-૨૦ | આરવ અને આર્ય | મોરબી | ૩૮૪૨૩ | ૧૫૦૦ |
| ૦૫-૧૨-૨૦ | ભોલુ ભરતભાઇ સવસાણી | મોરબી | ૩૮૪૨૪ | ૨૦૦૦ |
| ૦૫-૧૨-૨૦ | ચિરાગભાઇ ભીખાભાઇ દેકાવડીયા | મોરબી | ૩૮૪૨૫ | ૧૦૦ |
| ૦૫-૧૨-૨૦ | વિનોદભાઇ પ્રેમજીભાઇ કાવર | મોરબી | ૩૮૪૨૬ | ૧૦૦ |
| ૦૫-૧૨-૨૦ | નાગજીભાઇ જીવરામભાઇ બાવરવા | મોરબી | ૩૮૪૨૭ | ૧૦૦ |
| ૦૫-૧૨-૨૦ | લલીતભાઇ વલ્લભદાસ મીરાણી | મોરબી | ૩૮૪૨૮ | ૫૦૦ |
| ૦૫-૧૨-૨૦ | અશ્વિનભાઇ એમ. પોપટ | મોરબી | ૩૮૪૨૯ | ૫૦૦ |
| ૦૫-૧૨-૨૦ | જયેશભાઇ એમ. પોપટ | મોરબી | ૩૮૪૩૦ | ૫૦૦ |
| ૦૫-૧૨-૨૦ | પ્રવીણભાઇ જે. પોપટ | મોરબી | ૩૮૪૩૧ | ૫૦૦ |
| ૦૫-૧૨-૨૦ | વસંતલાલ અમરશીભાઇ વાઘેલા | મોરબી | ૩૮૪૩૨ | ૨૦૦ |
| ૦૫-૧૨-૨૦ | સરગમ સ્ક્રીન ઓફસેટ | મોરબી | ૩૮૪૩૩ | ૧૦૦૦ |
| ૦૫-૧૨-૨૦ | અનિલભાઇ દયાલજીભાઇ | મોરબી | ૩૮૪૩૪ | ૫૦૦ |
| ૦૫-૧૨-૨૦ | રાજવીર ટ્રાન્સપોર્ટ | મોરબી | ૩૮૪૩૫ | ૩૦૦ |
| ૦૫-૧૨-૨૦ | નર્મદા એન્ટરપ્રાઇઝ | મોરબી | ૩૮૪૩૬ | ૫૦૦ |
| ૦૫-૧૨-૨૦ | રામ ભરોસે | મોરબી | ૩૮૪૩૭ | ૭૦૦૦ |
| ૦૫-૧૨-૨૦ | એક્ટીવ ગ્રુપ પરિવાર | મોરબી | ૩૮૪૩૮ | ૧૪૦૦૦ |
| ૦૫-૧૨-૨૦ | પુનમ મોજેક - ગીરીશભાઇ | મોરબી | ૩૮૪૩૯ | ૫૦૦ |
| ૦૫-૧૨-૨૦ | સાઇન માર્કેટીંગ - હિતેષભાઇ | મોરબી | ૩૮૪૪૦ | ૫૦૦ |
| ૦૫-૧૨-૨૦ | ગંગા પ્રોડેક્સ | મોરબી | ૩૮૪૪૧ | ૫૦૦ |
| ૦૫-૧૨-૨૦ | રાજા મિનરલ વોટર | મોરબી | ૩૮૪૪૨ | ૧૦૦૦૦ |
| ૦૬-૧૨-૨૦ | મીરા મેડીકલ સ્ટોર | મોરબી | ૩૮૪૪૩ | ૫૦૦ |
| ૦૬-૧૨-૨૦ | પ્રકાશભાઇ ડી. મકવાણા | મોરબી | ૩૮૪૪૪ | ૫૦૦ |
| ૦૬-૧૨-૨૦ | માસ્ટર સિલેક્શન | મોરબી | ૩૮૪૪૫ | ૨૦૦ |
| ૦૬-૧૨-૨૦ | જૈન ખમણ હાઉસ | મોરબી | ૩૮૪૪૬ | ૩૦૦ |
| ૦૬-૧૨-૨૦ | સુવિધા સત્સંગ મંડળ | મોરબી | ૩૮૪૪૭ | ૧૦૦૦ |
| ૦૬-૧૨-૨૦ | મયુર પ્લાય એન્ડ હાર્ડવેર | મોરબી | ૩૮૪૪૮ | ૧૦૦૦ |
| ૦૬-૧૨-૨૦ | કાંતિલાલ ઠાકરશીભાઇ મહેતા | મોરબી | ૩૮૪૪૯ | ૨૦૦ |

| તારીખ | નામ | ગામ | રસીદ નં. | રૂપિયા |
|---|---|---|---|---|
| ૦૬-૧૨-૨૦ | ડુંગરશીભાઇ રાજશીભાઇ | મોરબી | ૩૮૪૫૧ | ૨૦૦ |
| ૦૬-૧૨-૨૦ | હીરાબા લાલજીભાઇ કાથરાણી | મોરબી | ૩૮૬૫૧ | ૫૦૦૦ |
| ૦૬-૧૨-૨૦ | સવજીભાઇ ત્રિભુવનભાઇ | મોરબી | ૩૮૬૫૨ | ૧૧૦૦૦ |
| ૦૬-૧૨-૨૦ | ચંન્દ્રીકાબેન કિરીટભાઇ | મોરબી | ૩૮૬૫૩ | ૫૩૦૦ |
| ૦૬-૧૨-૨૦ | સનગોલ્ડ સિરામીક | મોરબી | ૩૮૬૫૪ | ૩૦૦૦ |
| ૦૭-૧૨-૨૦ | ચંદાબેન મનસુખભાઇ દોશી | મોરબી | ૩૮૬૫૫ | ૩૦૦ |
| ૦૭-૧૨-૨૦ | અનિલભાઇ | મોરબી | ૩૮૬૫૬ | ૨૮૦૦ |
| ૦૭-૧૨-૨૦ | વસ્તાભાઇ નાકરાણી | મોરબી | ૩૮૬૫૭ | ૮૦૦ |
| ૦૭-૧૨-૨૦ | સવેરા ઇન્ડસ્ટ્રીઝ | મોરબી | ૩૮૬૫૮ | ૩૫૦ |
| ૦૭-૧૨-૨૦ | નદીમભાઇ ડી. પંજવાણી | મોરબી | ૩૮૬૫૯ | ૫૨૬૦ |
| ૦૮-૧૨-૨૦ | અનિલભાઇ ડી | મોરબી | ૩૮૬૬૦ | ૨૮૦૦ |
| ૦૮-૧૨-૨૦ | વસ્તાભાઇ નાકરાણી | મોરબી | ૩૮૬૬૧ | ૮૦૦ |
| ૦૮-૧૨-૨૦ | સવેરા ઇન્ડસ્ટ્રીઝ | મોરબી | ૩૮૬૬૨ | ૩૫૦ |
| ૦૮-૧૨-૨૦ | સવેરા ઇન્ટરનેશનલ | મોરબી | ૩૮૬૬૩ | ૨૨૦૦ |
| ૦૮-૧૨-૨૦ | રાજદીપ એન્ટર પ્રાઇઝ | મોરબી | ૩૮૬૬૪ | ૧૫૦૦ |
| ૦૮-૧૨-૨૦ | ઝીયુબેન ચંન્દ્રેશભાઇ વડગાસીયા | મોરબી | ૩૮૬૬૫ | ૫૦૦૦ |
| ૦૮-૧૨-૨૦ | ત્રિભુવનભાઇ લાલજીભાઇ આદ્રોજા | મોરબી | ૩૮૬૬૬ | ૫૧૦૦ |
| ૦૮-૧૨-૨૦ | મહાદેવભાઇ આદ્રોજા | મોરબી | ૩૮૬૬૭ | ૫૦૦૦ |
| ૦૮-૧૨-૨૦ | મોનાલ લેમીનેટ પ્રા. લિ | મોરબી | ૩૮૬૬૮ | ૩૦૦૦ |
| ૦૮-૧૨-૨૦ | ડોમા ઇન્પેક્સ | મોરબી | ૩૮૬૬૯ | ૫૦૦ |
| ૦૮-૧૨-૨૦ | રૂદ્રભાઇ દોશી | મોરબી | ૩૮૬૭૦ | ૫૦૦ |
| ૦૮-૧૨-૨૦ | વૃંદાવન સિરામીક | મોરબી | ૩૮૬૭૧ | ૧૧૦૦ |
| ૦૮-૧૨-૨૦ | સહકાર હાર્ડવેર | મોરબી | ૩૮૬૭૨ | ૮૦૦ |
| ૦૮-૧૨-૨૦ | ગીતા એન્ટર પ્રાઇઝ | મોરબી | ૩૮૬૭૩ | ૧૦૦૦ |
| ૦૮-૧૨-૨૦ | એમ્પાયર એક્સપોર્ટ | મોરબી | ૩૮૬૭૪ | ૮૦૦ |
| ૦૮-૧૨-૨૦ | નિરવભાઇ માણેક | મોરબી | ૩૮૬૭૫ | ૧૦૦૦ |
| ૦૮-૧૨-૨૦ | ધ્રુમીનભાઇ દેત્રોજા | મોરબી | ૩૮૬૭૬ | ૧૦૦૦ |
| ૦૮-૧૨-૨૦ | પ્રતિકભાઇ હાલાણી | મોરબી | ૩૮૬૭૭ | ૧૧૦૦ |
| ૦૮-૧૨-૨૦ | ભાવનાબેન રજનીભાઇ | મોરબી | ૩૮૬૭૮ | ૫૦૦ |
| ૦૮-૧૨-૨૦ | રવિભાઇ રમેશભાઇ સીતાપરા | મોરબી | ૩૮૬૭૯ | ૧૦૦૦ |
| ૦૮-૧૨-૨૦ | હિરેનભાઇ મોહનભાઇ | મોરબી | ૩૮૬૮૦ | ૫૦૦ |
| ૦૮-૧૨-૨૦ | અંકિતભાઇ | મોરબી | ૩૮૬૮૧ | ૫૦૦ |
| ૦૮-૧૨-૨૦ | હરીશભાઇ પટેલ | મોરબી | ૩૮૬૮૨ | ૩૦૦૦ |
| ૦૮-૧૨-૨૦ | રીકોન ક્લોક | મોરબી | ૩૮૬૮૩ | ૮૦૦૦ |
| ૦૮-૧૨-૨૦ | દીપકભાઇ મહેતા | મોરબી | ૩૮૬૮૪ | ૮૦૦૦ |
| ૦૯-૧૨-૨૦ | નીધીબેન | મોરબી | ૩૮૬૮૫ | ૮૦૦ |
| ૦૯-૧૨-૨૦ | લીલાધર મકનશી | મોરબી | ૩૮૬૮૬ | ૧૦૦ |
| ૦૯-૧૨-૨૦ | સવજીભાઇ નાનજીભાઇ | મોરબી | ૩૮૬૮૭ | ૧૦૦ |
| ૦૯-૧૨-૨૦ | દેવકરણભાઇ રવજીભાઇ | મોરબી | ૩૮૬૮૮ | ૧૫૦ |
| ૦૯-૧૨-૨૦ | દલીચંદ જેરામભાઇ | મોરબી | ૩૮૬૮૯ | ૧૦૦ |
| ૦૯-૧૨-૨૦ | સંત ટ્રેડર્સ | મોરબી | ૩૮૬૯૦ | ૧૦૦ |
| ૦૯-૧૨-૨૦ | ભારત હાર્ડવેર | મોરબી | ૩૮૬૯૧ | ૧૦૦ |
| ૦૯-૧૨-૨૦ | ઉદય સિલેક્શન | મોરબી | ૩૮૬૯૨ | ૧૦૦ |

| તારીખ | નામ | ગામ | રસીદ નં. | રૂપિયા |
|---|---|---|---|---|
| ૦૯-૧૨-૨૦ | પાયલ સુઝ | મોરબી | ૩૮૬૯૩ | ૧૦૦ |
| ૦૯-૧૨-૨૦ | માં શ્રી ભગવતી ફુટવેર | મોરબી | ૩૮૬૯૪ | ૨૦૦ |
| ૦૯-૧૨-૨૦ | રાજ ફુટવેર | મોરબી | ૩૮૬૯૫ | ૧૦૦ |
| ૦૯-૧૨-૨૦ | ઇન્ડીયન ફુટવેર | મોરબી | ૩૮૬૯૬ | ૧૦૦ |
| ૦૯-૧૨-૨૦ | ગાયત્રી ફુટવેર | મોરબી | ૩૮૬૯૭ | ૫૦૦ |
| ૦૯-૧૨-૨૦ | ન્યુ જલારામ સ્ટોર્સ | મોરબી | ૩૮૬૯૮ | ૧૦૦ |
| ૦૯-૧૨-૨૦ | નિતીનભાઇ | મોરબી | ૩૮૬૯૯ | ૨૫૦ |
| ૦૯-૧૨-૨૦ | નિર્મળાબેન ધમરશીભાઇ મહેતા | મોરબી | ૩૮૭૦૦ | ૨૫૦ |
| ૦૯-૧૨-૨૦ | રાજા ઇલેક્ટ્રીક્સ | મોરબી | ૩૮૭૦૧ | ૨૦૦ |
| ૦૯-૧૨-૨૦ | હિરેનભાઇ જયંતિભાઇ સુખડીયા | મોરબી | ૩૮૭૦૨ | ૫૦૦ |
| ૦૯-૧૨-૨૦ | ચંદન પાન | મોરબી | ૩૮૭૦૩ | ૩૦૦ |
| ૦૯-૧૨-૨૦ | બાબુલાલ પ્રેમચંદભાઇ | મોરબી | ૩૮૭૦૪ | ૫૦૦ |
| ૦૯-૧૨-૨૦ | સ્વ. હિંમતલાલ કાનજીભાઇ સુખડીયા | મોરબી | ૩૮૭૦૫ | ૨૦૦ |
| ૦૯-૧૨-૨૦ | રાજ પ્લાસ્ટિક | મોરબી | ૩૮૭૦૬ | ૨૦૦ |
| ૦૯-૧૨-૨૦ | જયંતિભાઇ મોહનભાઇ જાવીયા | મોરબી | ૩૮૭૦૭ | ૫૦૦ |
| ૦૯-૧૨-૨૦ | રાણીબેન સામતભાઇ ઝરીયા | મોરબી | ૩૮૭૦૮ | ૨૨૭૦ |
| ૧૨-૧૨-૨૦ | ગીતાબેન હસમુખભાઇ તન્ના | મોરબી | ૩૮૭૦૯ | ૧૦૦ |
| ૧૨-૧૨-૨૦ | તુષારભાઇ સિંધી | મોરબી | ૩૮૭૧૦ | ૫૦૦ |
| ૧૨-૧૨-૨૦ | શારદાબેન વલ્લભભાઇ | મોરબી | ૩૮૭૧૧ | ૫૦૦ |
| ૧૨-૧૨-૨૦ | રમાબેન રમેશભાઇ કોઠીયા | મોરબી | ૩૮૭૧૨ | ૧૦૦ |
| ૧૨-૧૨-૨૦ | મીતાબેન એમ. આદેસરા | મોરબી | ૩૮૭૧૩ | ૧૦૦ |
| ૧૨-૧૨-૨૦ | ચંન્દ્રીકાબેન ટી. અજાણી | મોરબી | ૩૮૭૧૪ | ૧૦૦ |
| ૧૨-૧૨-૨૦ | અનસુયાબેન ડાયાભાઇ કલેરીયા | મોરબી | ૩૮૭૧૫ | ૧૦૦ |
| ૧૨-૧૨-૨૦ | સરોજબેન કાનાબાર | મોરબી | ૩૮૭૧૬ | ૧૦૦ |
| ૧૨-૧૨-૨૦ | મીનાબેન ગીરીશભાઇ ગણાત્રા | મોરબી | ૩૮૭૧૭ | ૧૦૦ |
| ૧૨-૧૨-૨૦ | શારદાબેન નાનજીભાઇ | મોરબી | ૩૮૭૧૮ | ૧૦૦ |
| ૧૨-૧૨-૨૦ | ભાવનાબેન ચીખલીયા | મોરબી | ૩૮૭૧૯ | ૧૦૦ |
| ૧૨-૧૨-૨૦ | વિજ્યાબેન નાકરાણી | મોરબી | ૩૮૭૨૦ | ૧૦૦ |
| ૧૨-૧૨-૨૦ | નીતાબેન નાકરાણી | મોરબી | ૩૮૭૨૧ | ૧૦૦ |
| ૧૨-૧૨-૨૦ | સુનિતાબેન કૈલા | મોરબી | ૩૮૭૨૨ | ૧૦૦ |
| ૧૨-૧૨-૨૦ | કૈલાશબેન દિનેશભાઇ મારવણીયા | મોરબી | ૩૮૭૨૩ | ૧૦૦૦ |
| ૧૨-૧૨-૨૦ | ઇશ્વરભાઇ છગનભાઇ ચાડમીયા | મોરબી | ૩૮૭૨૪ | ૧૦૦ |
| ૧૨-૧૨-૨૦ | શાંતાબેન હરખજીભાઇ વડાસરા | મોરબી | ૩૮૭૨૫ | ૧૦૦ |
| ૧૨-૧૨-૨૦ | શૈલેષભાઇ નટવરલાલ માણેક | મોરબી | ૩૮૭૨૬ | ૧૦૦ |
| ૧૨-૧૨-૨૦ | પ્રભુભાઇ લાલજીભાઇ કાસુન્દ્રા | મોરબી | ૩૮૭૨૭ | ૧૦૦ |
| ૧૨-૧૨-૨૦ | રામાણી મુકેશભાઇ નાગરભાઇ | મોરબી | ૩૮૭૨૮ | ૧૦૦ |
| ૧૨-૧૨-૨૦ | ધર્મેશભાઇ નાગરભાઇ રામાણી | મોરબી | ૩૮૭૨૯ | ૧૦૦ |
| ૧૨-૧૨-૨૦ | બંસીબેન શેખરભાઇ આદ્રોજા | મોરબી | ૩૮૭૩૦ | ૭૦૦૦ |
| ૧૨-૧૨-૨૦ | કેતનભાઇ ભાણજીભાઇ સદાતીયા | મોરબી | ૩૮૭૩૧ | ૧૧૦૦ |
| ૧૨-૧૨-૨૦ | લક્ષ્મીબેન કેશવજીભાઇ | મોરબી | ૩૮૭૩૨ | ૫૦૨ |
| ૧૨-૧૨-૨૦ | ડો. તેજસભાઇ કોરડીયા | મોરબી | ૩૮૭૩૩ | ૧૦૦૦ |
| ૧૨-૧૨-૨૦ | હિતેષભાઇ મહેતા | મોરબી | ૩૮૭૩૪ | ૫૦૦ |
| ૧૨-૧૨-૨૦ | દિપકભાઇ મહેતા | મોરબી | ૩૮૭૩૫ | ૫૦૦ |

| તારીખ | નામ | ગામ | રસીદ નં. | રૂપિયા |
|---|---|---|---|---|
| ૧૨-૧૨-૨૦ | રાજ ટ્રેડર્સ | મોરબી | ૩૮૭૩૬ | ૨૦૦ |
| ૧૨-૧૨-૨૦ | ગુરૂકૃપા | મોરબી | ૩૮૭૩૭ | ૧૦૦૦ |
| ૧૨-૧૨-૨૦ | મહેશ સ્વીટ માર્ટ | મોરબી | ૩૮૭૩૮ | ૨૦૦ |
| ૧૨-૧૨-૨૦ | ઉમા ટ્રેડર્સ | મોરબી | ૩૮૭૩૯ | ૧૦૦૦ |
| ૧૨-૧૨-૨૦ | વસુમતીબેન જીંદાસભાઇ ગાંધી | મોરબી | ૩૮૭૪૦ | ૩૦૦૦ |
| ૧૨-૧૨-૨૦ | ઝોન મોબાઇલ | મોરબી | ૩૮૭૪૧ | ૨૦૦ |
| ૧૨-૧૨-૨૦ | મહાવીર ફરસાણ | મોરબી | ૩૮૭૪૨ | ૫૦૦ |
| ૧૨-૧૨-૨૦ | પ્રવિણચંદ લક્ષ્મીચંદ | મોરબી | ૩૮૭૪૩ | ૫૦૦ |
| ૧૨-૧૨-૨૦ | મનહરલાલ છોટાલાલ કથીરીયા | મોરબી | ૩૮૭૪૫ | ૮૦૦૦ |
| ૧૪-૧૨-૨૦ | શ્રી સિધ્ધી વિનાયક હેલ્થકેર | મોરબી | ૩૮૭૪૬ | ૨૦૦ |
| ૧૪-૧૨-૨૦ | આશાપુરા બેંગલ્સ | મોરબી | ૩૮૭૪૭ | ૩૦૦ |
| ૧૪-૧૨-૨૦ | પારસ હોઝીયેરી | મોરબી | ૩૮૭૪૮ | ૧૦૦ |
| ૧૪-૧૨-૨૦ | લાભ ટ્રેડર્સ | મોરબી | ૩૮૭૪૯ | ૨૦૦ |
| ૧૪-૧૨-૨૦ | શાંતિલાલ હરીલાલ માણેક | મોરબી | ૩૮૭૫૦ | ૨૦૦ |
| ૧૪-૧૨-૨૦ | રઘુવીર વાસણ ભંડાર | મોરબી | ૩૮૭૫૧ | ૧૦૦ |
| ૧૪-૧૨-૨૦ | આશાપુરા કોલ | મોરબી | ૩૮૭૫૨ | ૧૦૦૦ |
| ૧૪-૧૨-૨૦ | હસમુખભાઇ ઠાકરશીભાઇ | મોરબી | ૩૮૭૫૩ | ૫૦૦ |
| ૧૪-૧૨-૨૦ | હિમાલય હાર્ડવેર | મોરબી | ૩૮૭૫૪ | ૧૦૦૦ |
| ૧૪-૧૨-૨૦ | સુરેશભાઇ ગોરધનભાઇ | મોરબી | ૩૮૭૫૫ | ૫૦૦ |
| ૧૪-૧૨-૨૦ | વજુબા સબરસિંહ જાડેજા | મોરબી | ૩૮૭૫૬ | ૫૦૦ |
| ૧૪-૧૨-૨૦ | સ્વ. વિજ્યાબેન કાનજીભાઇ મિયાત્રા | મોરબી | ૩૮૭૫૭ | ૮૧૦ |
| ૧૫-૧૨-૨૦ | હર્ષભાઇ પટેલ | મોરબી | ૩૮૭૫૮ | ૮૨૦ |
| ૧૫-૧૨-૨૦ | જયદીપલ માર્કેટીંગ - પ્રકાશભાઇ | મોરબી | ૩૮૭૫૯ | ૫૦૦ |
| ૧૫-૧૨-૨૦ | જયેશભાઇ સવસાણી | મોરબી | ૩૮૭૬૦ | ૫૦૦ |
| ૧૫-૧૨-૨૦ | એંજલ એન્ટર પ્રાઇઝ | મોરબી | ૩૮૭૬૧ | ૩૦૦ |
| ૧૫-૧૨-૨૦ | શ્રીનાથ ટ્રેડીંગ | મોરબી | ૩૮૭૬૨ | ૩૦૦ |
| ૧૫-૧૨-૨૦ | દિલીપસિંહ એ. પરમાર | મોરબી | ૩૮૭૬૩ | ૩૦૦ |
| ૧૫-૧૨-૨૦ | ચોર ક્રિયેશન - અવિનાશભાઇ અગ્રવાલ | મોરબી | ૩૮૭૬૪ | ૨૦૦૦ |
| ૧૫-૧૨-૨૦ | પરેશભાઇ ભાણવટીયા | મોરબી | ૩૮૭૬૫ | ૨૦૦ |
| ૧૫-૧૨-૨૦ | ભરતભાઇ અઘારા | મોરબી | ૩૮૭૬૬ | ૨૦૦૦ |
| ૧૫-૧૨-૨૦ | જાગૃતિબેન અઘારા | મોરબી | ૩૮૭૬૭ | ૨૦૦૦ |
| ૧૫-૧૨-૨૦ | રૂચીતભાઇ અઘારા | મોરબી | ૩૮૭૬૮ | ૨૦૦૦ |
| ૧૫-૧૨-૨૦ | દર્શીતભાઇ અઘારા | મોરબી | ૩૮૭૬૯ | ૨૦૦૦ |
| ૧૫-૧૨-૨૦ | ગોરધનભાઇ અઘારા | મોરબી | ૩૮૭૭૦ | ૨૦૦૦ |
| ૧૮-૧૧-૨૦ | રામ ભરોસે | મોરબી | ૩૬૭૩૨ | ૧૦૦૦ |
| ૦૮-૧૨-૨૦ | નેમીશભાઇ કનૈયાલાલ પંડિત | મોરબી | ૩૬૭૩૩ | ૧૫૬૬૦ |
| ૦૮-૧૨-૨૦ | નેવિલભાઇ કનૈયાલાલ પંડિત | મોરબી | ૩૬૭૩૪ | ૧૫૬૬૦ |
| ૦૮-૧૨-૨૦ | અશ્વિનકુમાર બલવંતભાઇ હિરાણી | મોરબી | ૩૬૭૩૫ | ૨૮૦૦ |
| ૦૮-૧૨-૨૦ | કુબેર રોડવેઝ | મોરબી | ૩૬૭૩૬ | ૫૫૦૦ |
| ૧૪-૧૨-૨૦ | ઉદય રોડવેઝ | મોરબી | ૩૬૭૩૭ | ૫૫૦૦ |

# નાસ્તાજમણ તથા વસ્તુની યાદી

| તારીખ | નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૦૯-૧૧-૨૦ | સ્વ. શારદાબેન નટવરલાલ શેઠ | સુ.નગર | ઘારી, ખાંડવી |
| ૧૧-૧૧-૨૦ | જીવરાજભાઇ ગોપાલભાઇ પટેલ | ખારવા | ચોખા,દાળ,બાજરી |
| ૧૧-૧૧-૨૦ | સિધ્ધરાજસિંહ નિરૂભા ઝાલા | સમલા | લાડવા |
| ૧૨-૧૧-૨૦ | રાઠોડ ઘનશ્યામભાઇ લાલજીભાઇ | રામપરા | મોહનથાળ, ગાંઠીયા |
| ૧૨-૧૧-૨૦ | રવિભાઇ ભુપતભાઇ પટગીર | સુ.નગર | ડ્રેસ તથા ગાઉન |
| ૧૨-૧૧-૨૦ | જ્યોત્સનાબેન ભરતભાઇ પટેલ | સુ.નગર | ચોકલેટ પાન ૧૦૦ નંગ |
| ૧૩-૧૧-૨૦ | કેતનભાઇ ચતુરભાઇ પટેલ | સુ.નગર | બિસ્કીટ ૧૦૦ પેકેટ |
| ૧૩-૧૧-૨૦ | અતુલભાઇ ભાણવડીયા | સુ.નગર | અડદીયો ૬ કિ. |
| ૧૫-૧૧-૨૦ | સુરેન્દ્રનગર સાડી એસોશીએશન | સુ.નગર | મિઠાઇ, ફરસાણ |
| ૧૫-૧૧-૨૦ | દિગ્વીજયસિંહ ઝાલા | સુ.નગર | ગાંઠીયા, મોહનથાળ |
| ૧૬-૧૧-૨૦ | ગુજરવદી પટેલ સમાજ | ગુજરવદી | લાડવા |
| ૧૬-૧૧-૨૦ | જય માતાજી ગૃપ | સુ.નગર | કાજુ, દૂધ મિઠાઇ |
| ૧૬-૧૧-૨૦ | જીતેન્દ્રભાઇ વસંતભાઇ | સુ.નગર | બિસ્કીટ, મઠીયા પાપડ |
| ૧૬-૧૧-૨૦ | સ્વામિનારાયણ મંદિર | રામપરા | અન્નકુટ પ્રસાદ |
| ૧૬-૧૧-૨૦ | અનિલભાઇ સિંધી | સુ.નગર | બિસ્કીટ |
| ૧૬-૧૧-૨૦ | પ્રતાપસંગ ધીરૂભા ખેર | વાડલા | બિસ્કીટ |
| ૧૬-૧૧-૨૦ | ગોવિંદભાઇ પ્રભુભાઇ માંડલીયા | સુરત | સ્પ્રાઇટ સોડા |
| ૧૬-૧૧-૨૦ | રીપનબેન તુષારભાઇ મહેતા | મુંબઇ | મિક્સ ડ્રાઇફ્રુટ પેકેટ ૧૫૦ |
| ૧૬-૧૧-૨૦ | રાજુભાઇ | મુંબઇ | બોડીલોશન,બામ,વેસેલીન |
| ૧૭-૧૧-૨૦ | રામ ભોજનાલય ચેરીટેબલ ટ્રસ્ટ | સુ.નગર | મિઠાઇ ૯૮ કિ. |
| ૧૭-૧૧-૨૦ | શ્રધ્ધાનંદ સ્વામી | સુ.નગર | મોહનથાળ |
| ૧૯-૧૧-૨૦ | ચૌહાણ જયેશભાઇ | સુ.નગર | ખારી બિસ્કીટ |
| ૨૦-૧૧-૨૦ | રીધમ અશ્વિનભાઇ પટેલ | સુ.નગર | દાડમ ૧૫૦ નંગ |
| ૨૦-૧૧-૨૦ | સવિતાબેન રમણીકભાઇ શાહ | સુ.નગર | મોજા ૧૦૦ નંગ, ચિક્કી |
| ૨૦-૧૧-૨૦ | ગોવિંદભાઇ ઉકાભાઇ પટેલ | બલદાણા | બિસ્કીટ |
| ૨૦-૧૧-૨૦ | રામ ભરોસે | સુ.નગર | ૬ કેરેટ જામફળ |
| ૨૦-૧૧-૨૦ | ધર્મેન્દ્રભાઇ ભિખાભાઇ સુર | ખોલડીયાદ | જલેબી, ફાફડા |
| ૨૦-૧૧-૨૦ | સ્વ. કિરીટસિંહ સરદારસિંહ રાઓલ | લીંબડી | સમોસા, ચટણી |
| ૨૧-૧૧-૨૦ | ડો. તેજસભાઇ | સુ.નગર | નાસ્તો |
| ૨૧-૧૧-૨૦ | રણછોડભાઇ રમાભાઇ પઢારીયા | ખોલડીયાદ | લાડવા |
| ૨૧-૧૧-૨૦ | વિનોદભાઇ પોપટભાઇ પટેલ | નાગડકા | મિક્સ ભજીયા |
| ૨૧-૧૧-૨૦ | કિરીટભાઇ પોપટભાઇ પટેલ | નાગડકા | મોજા ૮૦ નંગ |
| ૨૩-૧૧-૨૦ | ઉજમશીભાઇ કેશવભાઇ શેઠ | સુ.નગર | અંજીર હલવો, ખમણ |
| ૨૪-૧૧-૨૦ | શૈલેષભાઇ હસમુખરાય વૈષ્ણવ | લખતર | ફાફડી |
| ૨૪-૧૧-૨૦ | રણછોડભાઇ મુળજીભાઇ | સડલા | વેફર્સ પેકેટ ૧૦૦ નંગ |
| ૨૪-૧૧-૨૦ | મહાદેવભાઇ ઉકાભાઇ મોરી | ગુજરવદી | ટોપરાપાક ૩૦ કિ. |
| ૨૯-૧૧-૨૦ | પ્રેમીલા અને વિણા | સુ.નગર | મિલ્ક ચોકલેટ |
| ૨૯-૧૧-૨૦ | દિગ્વીજયસિંહ ચંન્દ્રસિંહ ઝાલા | સુ.નગર | મોહનથાળ, ગાંઠીયા |
| ૩૦-૧૧-૨૦ | સ્વ. જયદેવભાઇ ગઢવીના સ્મરણાર્થે | વઢવાણ | બ્લેન્કેટ ૨૫ નંગ |
| ૩૦-૧૧-૨૦ | વિનોદભાઇ ચતુરભાઇ પ્રજાપતિ | સુ.નગર | કરીયાણું, તેલ |
| ૩૦-૧૧-૨૦ | ડો. નઇમ શેખ | સુ.નગર | સાબુદાણા નમકીન ૨૦૦ |

| તારીખ | નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૦૩-૧૨-૨૦ | વાઘેલા દિગ્વીજયસિંહ રામદેવસિંહ | સુ.નગર | તીખા,મોળા ગાંઠીયા |
| ૦૩-૧૨-૨૦ | કંચનબેન નાનજીભાઇ પટેલ | લખતર | બિસ્કીટ |
| ૦૩-૧૨-૨૦ | હિતેષભાઇ પ્રાણભાઇ આજોલીયા | લખતર | મોહનથાળ,ગાંઠીયા,તેલ |
| ૦૪-૧૨-૨૦ | મગનભાઇ ભગવાનભાઇ | સુ.નગર | મિઠાઇ, મોસંબી |
| ૦૪-૧૨-૨૦ | ગણપતભાઇ કાનજીભાઇ | સોમાસર | ગાંઠીયા |
| ૦૫-૧૨-૨૦ | બેચરભાઇ દેવદાસભાઇ | ટીંબા | મોહનથાળ |
| ૦૫-૧૨-૨૦ | પાલડીયા રમેશભાઇ વકીલ | સુ.નગર | ખાંડવી ૧૨ કિ. |
| ૦૫-૧૨-૨૦ | વિશાલભાઇ ગોપાલભાઇ સભાણી | સાયલા | જામફળ ૧ બોરી |
| ૦૫-૧૨-૨૦ | દિલીપભાઇ બદાણીયા | અમદાવાદ | ડ્રેસ ૩૫ જોડી |
| ૦૭-૧૨-૨૦ | પરષોતમભાઇ જેઠાભાઇ પટેલ | સુદામડા | વિક્સબામ,ઇન્હેલર |
| ૧૦-૧૨-૨૦ | ચાવડા હંસરાજસિંહ પ્રતાપસિંહ | રામપરા | મોહનથાળ ૧ ચોકી |
| ૧૧-૧૨-૨૦ | ભાઇલાલભાઇ ઘનશ્યામભાઇ સંતોકી | સરવાળ | મિક્સ ફરસાણ |
| ૧૧-૧૨-૨૦ | અરજણભાઇ રવજીભાઇ જાદવ | વાડલા | લાડવા, ગાંઠીયા |
| ૧૨-૧૨-૨૦ | હંસાબેન ગોકળભાઇ બાવડા | સુ.નગર | ચીક્કી,મિક્સર, વોટરકુલર |
| ૧૩-૧૨-૨૦ | સાડી એસોશીએશન | સુ.નગર | ગેસનો ચુલો રોટલીનો - ૧ |
| ૧૩-૧૨-૨૦ | રણજીતભાઇ મોહનભાઇ પ્રજાપતિ | ભડીયાદ | ગુલાબજાંબુ, સેવમમરી |
| ૧૩-૧૨-૨૦ | બટુકભાઇ હાલાણી હ. ઝરીનાબેન હાલાણી | સુ.નગર | મમરાના લાડવા |
| ૧૩-૧૨-૨૦ | મંજુબેન મીરાણી હ. ઝરીનાબેન | સુ.નગર | લાડવા ૯ કિ. |
| ૨૮-૧૧-૨૦ | માવજીભાઇ શિવાભાઇ | મોરબી | ૮૦ નંગ ઓસાડ |
| ૨૮-૧૧-૨૦ | જયપાલસિંહ સિધ્ધરાજસિંહ | મોરબી | ગુંદી, ગાંઠીયા |
| ૨૮-૧૧-૨૦ | સુંદરજીભાઇ હરખજીભાઇ નાયકપરા પીપળી | મોરબી | સંધ્યા ભોજન |
| ૨૯-૧૧-૨૦ | મનોજભાઇ માધવજીભાઇ સુંવાળીયા | મોરબી | તેલ ડબ્બા-૧૦,મગદાળ૩૦ |
| ૦૧-૧૨-૨૦ | રેખાબેન જયંતિભાઇ કુંડારીયા | મોરબી | મિક્સ ફરસાણ ૨૦ કિ. |
| ૦૪-૧૨-૨૦ | અશ્વિનભાઇ | મોરબી | સાબુ,તેલ,કોલગેટ |
| ૦૮-૧૨-૨૦ | રમેશભાઇ મેઘરીયા | મોરબી | પાંઉભાજી જમણ |
| ૧૨-૧૨-૨૦ | રાજેશભાઇ | મોરબી | તેલ ડબ્બો, ખાંડ |
| ૧૨-૧૨-૨૦ | બાલુભાઇ પટેલ | મોરબી | લાડવા, ગાંઠીયા |

---


શ્રી રામકૃષ્ણ પરમહંસને ગળાનું કેન્સર. વ્યાધિ ભારે પીડાકારક, અસહ્ય પીડા, ખોરાક ન લેવાય, પાણી પણ ન પીવાય. ઠાકુરના એક પરમ ભક્ત - પંડિત શશધર તર્કચૂડામણિ. ઠાકુર કહે 'દેવ ! આપના જેવા મહાત્માઓ કેવળ સંકલ્પમાત્રથી જ વ્યાધિ દૂર કરી શકે. આ વ્યાધિ દૂર થવી જ જોઇએ એ સંકલ્પ કરી મનને વ્યાધિગ્રસ્ત ભાગ પર કેન્દ્રીત કરો એટલે વ્યાધિ તરત દૂર થશે.'

ઠાકુર કહે :'જે મનને મેં નિત્ય માટે ઇશ્વરને સમર્પિત કરી દીધું છે તેને પાછું વાળીને આ હાડચામના સડેલા ખોળિયા પર કેન્દ્રિત કરવાનું કેવી રીતે બની શકે ?'

નરેન્દ્ર કહે : 'ગુરૂદેવ ! કંઇ નહી તો અમારે ખાતર પણ આપે આ વ્યાધિ મટાડવો જોઇએ. આપ થોડું જળ પી શકો એમ કરવું જોઇએ.' ઠાકુર કહે :'અરે, આ પીડા મટે તેવું હું યે ઇચ્છું છું, પણ એ ક્યાં મટે છે ? મારી નહીં, જગદંબાની ઇચ્છાથી જ બધું થાય છે.'

નરેન્દ્ર કહે :'અમારી ખાતર પણ જગદંબાને આપે વાત કરવી પડશે.'

થોડા સમય પછી નરેન્દ્રએ પૂછયું : 'આપે જગદંબાને પૂછયું ? એમણે શું કહ્યું ?' ઠાકુર કહે : 'માએ તમને સૌને બતાવીને કહ્યું કે આટલાં બધાં મોઢાં વડે શું તું જ ખાઇ રહ્યો નથી ?' આ મહાસમાધિ હતી.



એમ.પી. શાહ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ દ્વારા યોજેલ ઓનલાઈન સંગીત સ્પર્ધામાં આપણી સંસ્થા કોલેજમાં અભ્યાસ કરતી અંધબાળાઓ ભાગ લીધો હોય. આ તસ્વીરમાં સંસ્થાની બાળાઓ ઓનલાઈન પોતાની કૃતિ રજૂ કરી રહેલી જોવા મળે છે.




સંસ્થાની બાળાઓ કોલેજના અંતિમ વર્ષમાં સેમેસ્ટર-૫ માં અભ્યાસ કરતી હોય તેની પરીક્ષા વિવેકાનંદ કોલેજમાં ચાલુ હોય નેત્રહીન બાળાઓ તેમના રાઈટર બંધુઓ સાથે કોલેજ પરીસરમાં પરીક્ષા ખંડમાં જવા માટે પ્રતિક્ષા કરતી ઉભેલી નજરે પડે છે.




શાળા સમયના છેલ્લા ૪૦ મીનીટના તાસમાં સંસ્થાની બાળાઓને શિક્ષક ભાઈ-બહેનો દ્રારા વિવિધ રમતો તથા જ્ઞાન વર્ધનના કાર્યક્રમો થતા હોય આ તસ્વીરમાં લીબુ ચમચીની રમત નેત્રહીન બાળાઓ દ્રારા રમાતી જોવા મળે છે.



સંસ્થામાં રહેતા નેત્રહીન દંપતી શ્રી હરેશભાઈ શાહ તથા શ્રીમતી નેહાબેન તથા તેમની પુત્રી પલક સાથે મળીને કાળા તલનું કચરીયું બનાવીને રોજી કમાતા હોય સમાજ માટે આ તસ્વીર પ્રેરણાદાયી હોય નેત્રહીન દંપતી શ્રમકાર્યની ઝલકરૂપે આ અંકમાં પ્રકાશીત કરેલ છે.



અમદાવાદ નિવાસી ડો. ગોપાલભાઈ પટેલના પત્ની શ્રીમતી ડો. તરૂબેન પટેલ તથા પુત્રવધુ આરતીબેન તથા તેમના સ્નેહીઓ તરફથી પ્રજ્ઞાચક્ષુ બાળાઓને શરદીથી રક્ષણ મળે અને રાહત થાય તે હેતુથી સૂંઠની લાડુડી ૧૫ કિ. અમદાવાદથી સુરેન્દ્રનગર સુધી આવીને સંસ્થાને અર્પણ કરી હોય આ ઘટના વિશીષ્ટ હોય તેમનો પ્રયત્ન પ્રેરણાદાયી હોય તેમજ તેમના તરફથી સંસ્થાને અવાર નવાર દાન મળતુ હોય. લાડુડી સ્વીકારીને સંસ્થાની બાળાઓ ખૂબ પ્રસન્ન થઈ છે.



આજે નાતાલનો પુનિત દિવસ હોય સંસ્થાની એકમાત્ર ક્રિશ્ચન બાળા દીપીકા સાથે આનંદ કરવા માટે સંસ્થાની તમામ સશકત અને અશકત, બુદ્ધિસ્તર ધરાવતી તથા બૌદ્ધિક રીતે અક્ષમ નેત્રહીન બાળાઓ દાદા ભગવાન પરિસરમાં રમત ગમત રાઈડ્સ, દર્શન અને લોનમાં બેસીને થતા આનંદની સમૂહ તસ્વીરો પ્રકાશીત કરેલ છે.



મોરબીની માર્શલ વુડન કંપનીમાં પ્રજ્ઞાચક્ષુઓને શેઠ શ્રી સંદિપભાઈએ સંસ્થા સંચાલક શ્રી હાતીમ રંગવાલાની ભલામણથી કામે રાખ્યા હોય આ તસ્વીરમાં કર્મશીલ પ્રજ્ઞાચક્ષુ તેને સોંપવામાં આવેલ કામ કરતા નજરે પડે છે.



મોરબીની પ્રકાશ મેટલ કોમ્પેકમાં આઠ પ્રજ્ઞાચક્ષુઓને સંસ્થાના સંચાલક હાતીમ રંગવાલાએ લગાડયા હોય આ તસ્વીરમાં શ્રી ચિંતનભાઈ પ્રજ્ઞાચક્ષુઓના કામનું નિરીક્ષણ કરી રહ્યાં છે.

RNI No. GUJGUJ/2002/14341
POST Reg. No. G/Sen/253/2021 TO 2023

No. GujGuj 10276/06/1/2002 - TC
POST AT RMS SURENDRANAGAR

# વૃક્ષ

તંત્રી : મુક્તાબેન પી. ડગલી
સહતંત્રી : ગૌતમભાઈ ગોલ

માસીક પત્રિકા
VRAKSH

To, ______________________

______________________

______________________

______________________

| PIN | | | | | | |
|---|---|---|---|---|---|---|

સી. યુ. શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ
દાદા ભગવાનના મંદિર પાછળ, જલારામ પેટ્રોલ પંપ સામે, મુળી રોડ, સુરેન્દ્રનગર-૩૬૩ ૦૨૦.
P.Box No.૧૮ મો. ૮૭૫૮૬ ७१८६३, ७६९८७ ४३०९३, ७०६६६ ०९९१५
Website : www.pragnachakshu.com E-mail : pragnachakshu@gmail.com